અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 287, Dt.15-09-2023 (Friday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

સુવિચાર

પરિસ્થિતિઓ થી માણસ જેટલું તૂટે છે, એનાથી કેટલાય ગણુ વધારે પરિસ્થિતિઓ માણસને અંદરથી મજબૂત બનાવી દે છે.

ભારત સૂર્યની નજીક પહોંચ્યું : આદિત્ય એલ-૧ની ચોથી સફળ છલાંગ

ઇસરોએ ચોથી વખત આદિત્ય L1ની પૃથ્વીની ભ્રમણકક્ષામાં વધારો કર્યો



બેંગલુરુ, તા.૧૫: સૂર્યનો અભ્યાસ કરવા માટે અવકાશમાં મોકલવામાં આવેલા ઈસરોના પ્રથમ અવકાશ મિશન આદિત્ય એલ૧ની પૃથ્વીની ભ્રમણકક્ષા વધારવાનું કાર્ય શુક્રવારની વહેલી સવારે ચોથી વખત સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. સ્પેસ એજન્સીએ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં આ માહિતી આપી હતી. મોરેશિયસ, બેંગલુરુ, SDSC-SHAR અને પોર્ટ બ્લેર ખાતેના ISRO ગ્રાઉન્ડ સ્ટેશનોએ આ ઓપરેશન દરમિયાન આદિત્ય L1 ને ટ્રેક કર્યો. જ્યારે આદિત્ય L1ના પોસ્ટ એન્જિન ફાયર ઓપરેશનને ટેકો આપવા માટે હાલમાં ફિજીમાં પરિવહનક્ષમ ટર્મિનલ તૈનાત છે. આ પછી આદિત્ય L1 ૨૫૬ કિમીનું અંતર કાપ્યું હતું. x ૧૨૧૯૭૩ કિમી. નવી ભ્રમણકક્ષા હાંસલ કરવામાં આવી છે.

ISROએ જણાવ્યું કે આદિત્ય ક૧ની ભ્રમણકક્ષા વધારવાની આગળની કાર્યવાહી ૧૯ સપ્ટેમ્બરે બપોરે ૨ વાગ્યે થવાની છે. આ પછી આદિત્ય ક૧ પૃથ્વી પરથી ટ્રાન્સ-લેગ્રેંજિયન પોઈન્ટ ૧ તરફ પ્રયાણ કરશે. આદિત્ય-L1 એ પ્રથમ ભારતીય અવકાશ-આધારિત વેધશાળા છે જે સૌપ્રથમ સૂર્યની આસપાસની ભ્રમણકક્ષામાં અને પૃથ્વીના લેગ્રેંજિયન બિંદુ (L1)નો અભ્યાસ કરશે. લેગ્રાંગિયન પોઈન્ટ પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિમી દૂર છે. દૂર સ્થિત છે. આદિત્ય ક૧ની ભ્રમણકક્ષા વધારવાના પ્રથમ, બીજા અને ત્રીજા તબક્કા અનુક્રમે ૩, ૫ અને ૧૦ સપ્ટેમ્બરના રોજ સફળતાપૂર્વક પૂર્ણ થયા હતા.

ISRO પૃથ્વીની આસપાસ તેની ૧૬ દિવસની મુસાફરી દરમિયાન અવકાશયાન આદિત્ય L1ની ભ્રમણકક્ષાને નિયમિતપણે વધારી રહ્યું છે. જે દરમિયાન અવકાશયાન ક૧ તેની આગળની મુસાફરી માટે જરૂરી વેગ હાંસલ કરશે. ચાર પૃથ્વી-બંધ ભ્રમણકક્ષાના પરિક્રમા પૂર્ણ કર્યા પછી, આદિત્ય-ક૧ હવે પછીના ટ્રાન્સ-લેગ્રાંગિયન૧ નિવેશ તબક્કામાંથી પસાર થશે. જે લેગ્રેન્જ પોઈન્ટ L1 નજીક તેના ગંતવ્ય સ્થાન માટે અંદાજે ૧૧૦-દિવસની મુસાફરીની શરૂઆત હશે. L1 બિંદુ પર પહોંચ્યા પછી, આદિત્ય ક૧ ને L1ની આસપાસની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે, જે પૃથ્વી અને સૂર્ય વચ્ચે ગુરુત્વાકર્ષણ સંતુલિત જગ્યા છે.

આદિત્ય L1 ઉપગ્રહ પૃથ્વી અને સૂર્યને જોડતી રેખાને લગભગ કાટખૂણે એક અનિયમિત આકારની ભ્રમણકક્ષામાં L1 ની આસપાસ પરિભ્રમણ કરતા તેના સમગ્ર મિશન જીવનકાળ પસાર કરવા માટે સુનિશ્ચિત થયેલ છે. નોંધનીય છે કે ISROના ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન (PSLV-C57) એ ૨ સપ્ટેમ્બરે શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC) થી આદિત્ય-L1 અવકાશયાન સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. તે દિવસે, ૬૩ મિનિટ અને ૨૦ સેકન્ડની ઉડાન પછી, આદિત્ય-એલ૧ અવકાશયાન પૃથ્વીની આસપાસ 235'19500 કિમીની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું હતું.

અલગ-અલગ દસ્તાવેજોની ઝંઝટ સમાપ્ત

બર્થ સર્ટિફિકેટથી ડ્રાઇવિંગ લાઇસન્સ-આધાર બનાવવા જેવા કામ થશે

શાળા-કોલેજોમાં પ્રવેશ,પાસપોર્ટ, મતદાર યાદીમાં નામ જોડવા કે લગ્ન રજીસ્ટ્રેશન માત્ર બર્થ સર્ટી.થી થઇ જશે :ચોમાસુ સત્રમાં સરકાર જન્મ-મૃત્યુ રજી. પર બિલ લાવી'તીઃ ૧ ઓક્ટોબરથી લાગુ થશે નવો નિયમ

નવી દિલ્હી તા. ૧૫ :

જો આપ અલગ અલગ કામ માટે અલગ અલગ ડોક્યુમેન્ટ માંગતા હોવાથી પરેશાન થઈ ગયા હોવ તો હવે ચિંતા કરતા નહીં, કારણ કે આ તકલીફ હવે એક ઓક્ટોબરથી દૂર થઈ જશે. હવે આપની પાસે જો બર્થ સર્ટિફિકેટ હશે, તો તેનાથી જ બધા કામ થઈ જશે. પછી આપને સ્કૂલ કોલેજમાં એડમિશન લેવાનું હોય, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ બનાવવાનો હોય. મતદાર યાદીમાં નામ જોડવાનું હોય, આધાર અથવા મેરેજ સર્ટિફિકેટ કરાવાનું હોય, એટલું જ નહીં સરકારી નોકરી માટે પણ તે કામમાં આવશે. સરકારનો દાવો છે કે, તેનાથી નાગરિકોના જન્મ અને મૃત્યુ

વિશે વધારે સટીક અને વિશ્વસનિય જાણકારી મળી જશે. આ ઉપરાંત તેના દ્વારા લોકોને વિવિધ સરકારી સેવાઓ સુધી પહોંચવામાં સરળતા રહેશે. સરકાર બર્થ સર્ટિફિકેટની પ્રક્રિયા પણ પહેલાથી સરળ બનાવવા જઈ રહી છે. જેથી તેને મેળવવામાં લોકોને કોઈ તકલીફ ન પડે.

કેન્દ્ર સરકાર તેને ચોમાસું સત્રમાં જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રેશન પર બિલ લઈને આવી હતી. કાયદો બન્યા બાદ તે ૧ ઓક્ટોબરથી લાગૂ થઈ જશે. ત્યાર બાદ લોકો તેને ઉપયોગ વિવિધ સેવાઓ માટે સિંગલ ડોક્યુમેન્ટ તરીકે કરી શકશે. તેનો ઉપયોગ કરીને સ્કૂલ-કોલેજમાં એડમિશનથી લઈને સરકારી નોકરી મોટી અરજી પણ કરી શકશે.એક ઓક્ટોબરથી ફક્ત બર્થ સર્ટિફિકેટથી સ્કૂલ-કોલેજમાં એડમિશન, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, મતદાર યાદીમાં નામ જોડવા, આધાર અથવા મેરેજ રજિસ્ટ્રેશન વગેરે કામ થઈ જશે. આ ઉપરાંત સરકારી નોકરી માટે આ કામમાં આવશે.

રજિસ્ટ્રાર જનરલ અને મતગણતરી આયુક્ત મૃત્યુંજય કુમાર નારાયણ દ્વારા જાહેર કરવામાં આવેલ એક નોટિફિકેશન અનુસાર, જન્મ અને મૃત્યુ રજીસ્ટ્રેશન અધિનિયમ ૨૦૨૩ની કલમ ૧૭ની ઉપ ધારા (૨) દ્વારા પ્રદત શક્તિઓનો ઉપયોગ કરીને, કેન્દ્ર સરકાર એ નક્કી કરે છે કે, એક ઓક્ટોબર ૨૦૨૩ના અધિનિયમની જોગવાઈ લાગૂ થઈ જશે

જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રનું ડિજિટલ સર્ટિફિકેટ મળી શકશે

કાયદાના અમલ પછી સૌથી મોટો ફેરફાર એ થશે કે જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રો પણ ડિજિટલી ઉપલબ્ધ થશે. હાલમાં માત્ર તેની હાર્ડ કોપી ઉપલબ્ધ છે. આ માટે ઘણા દિવસો સુધી ઓફિસના ધક્કા ખાવા પડે છે.

શું જન્મ-મરણ પ્રમાણપત્રનો ઉપયોગ આધાર કાર્ડની જેમ જ થશે?

અત્યાર સુધી આધારનો ઉપયોગ દરેક જગ્યાએ ઓળખ કાર્ડ તરીકે થાય છે. તેને તમારા અન્ય દસ્તાવેજો અને એકાઉન્ટ્સ સાથે લિંક કરવાની જરૂર પડે છે. તેવી જ રીતે, આ એક જન્મ-મૃત્યુ પ્રમાણપત્ર હશે, જે જન્મ અને મૃત્યુના પુરાવા માટે સર્વત્ર સર્વત્ર સ્વીકૃત ઓળખ કાર્ડની જેમ કામ કરશે.

વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં ચોંકાવનારો ઘટસ્ફોટ

રાજયમાં રોજ ૨૨ લોકો અકસ્માતમાં મૃત્યુ પામે છે

ગાંધીનગર,તા.૧૫

રાજયમાં વ્યકિત રોજ કરતાં અકસ્માતમાં અકાળે મોત પામે છે. ગુજરાતમાં રોજના સરેરાશ ૪૦ અકસ્માતો સર્જાય છે. જેમાં રોજના ૨૨ વ્યકિતઓ જીવ ગુમાવે છે. જેમાં માત્ર હિટ એન્ડ રનના કેસમાં જ રોજના ૩ લોકોનાં મોત થાય છે. ઓવરસ્પીડ, નશામાં અને રોંગ સાઈડમાં વાહન ચલાવવાથી વધુ અકસ્માત થતાં હોવાનું તારણ બહાર આવ્યું છે. રાજયમાં ૩૧ મી માર્ચ, ૨૦૨૩ સુધીનાં ૩ વર્ષ દરમ્યાન ૪૪.૩૯૬ માર્ગ અકસ્માત નોંધાયા હતા. અર્થાત રાજયમાં રોજના સરેરાશ ૪૦ જેટલા માર્ગ અકસ્માત થયા હતા. આ માર્ગ અકસ્માતો પૈકી ૨૩,૩૮૪ વ્યકિતઓનાં મૃત્યુ થયા છે.એટલે કે સરેરાશ રોજનાં ૨૨ જેટલી વ્યકિતઓનાં માર્ગ અકસ્માતમાં મોત થાય છે. જયારે આ ત્રણ વર્ષના આ સમયગાળા દરમ્યાન કુલ નોંધાયેલા ૪૪,૩૯૬ માર્ગ અકસ્માતમાં ૪૦,૮૭૧ વ્યકિતઓના માર્ગ અકસ્માતમાં મોત થયા હતા.

ઉતાવળે એરપોર્ટનું ઉદ્ઘાટન કરી લોકોની સુવિધા વધારવાને બદલે દુવિધા વધારી:કોંગ્રેસ

શહેર કોંગ્રેસ દ્વારા રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરાઈ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૫

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે.ગત ૨૭ જુલાઈના રોજ વડાપ્રધાનના હસ્તે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ નું ઉદ્ઘાટન થયેલ હોય. આ એરપોર્ટ કરોડોનો ખર્ચ કરી બનાવવામાં આવેલ ત્યારબાદ ૧૦ સપ્ટેમ્બરના રોજ એરપોર્ટ ઓથોરિટી દ્વારા આ એરપોર્ટ ને ખૂલું મૂકવામા આવેલ એરપોર્ટ પર બીજા શહેરો, રાજ્યો કે અન્ય દેશોના પ્રવાસીઓનો આવરો-જાવરો રહેતો હોય એરપોર્ટ પર આવનારા પ્રવાસીઓ એરપોર્ટ ની સુવિધા પર થી શહેરની વ્યવસ્થા ને માન-પ્રતિષ્ઠાનું આંકલન પણ કરતાં હોય છે એવામાં એરપોર્ટ પર જો પ્રાથમિક સુવિધા નો અભાવ જોવા મળે તે રાજકોટની માંન- પ્રતિષ્ઠાને ઠેસ આપનારી બાબત કહેવાય ઉદ્ઘાટન થી માંડી કાર્યરત કરવામાં એરપોર્ટ ઓથોરિટીને એક મહિનાથી પણ વધુ સમય મળેલ હોય તેમ છતાં એરપોર્ટ ઓથોરિટી લોકોની પાયાની સુવિધા પણ પૂરી ના કરી શક્યાં હોય તો આવા અણઆવડતીયા અધિકારી આ જોબ કરવાને લાયક ન હોય આ પ્રસંગે રાજકોટ એરપોર્ટ ની ચોમેર થી ટીકા થાય છે જે રાજકોટ માટે ખુબજ અપમાન જનક હોય આવા અણઆવડતીયા અધિકારીઓ સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે.

એરપોર્ટની પ્રાથમિક સુવિધાના અભાવના કારણે રાજકોટ શહેર કોંગ્રેસ પાસે લોકોની અસંખ્ય ફરિયાદો આવેલ જેવીકે પીવાના પાણીની સમસ્યા,ટોઇલેટ માં પાણીની સમસ્યા,બેઠક તેમજ પાર્કિંગની સમસ્યા પાર્કિંગ માં સંચાલનનો અભાવ, ઇન્ટરનેશનલ એરપોર્ટ પર જવા માટે રોડ પર યોગ્ય જગ્યા પર હીરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટના દિશા સૂચક સાઇન બોર્ડ મૂકવા જોઈએ, હીરાસર એરપોર્ટ ઇન્ટરનેશનલ એરપોર્ટ હોય જેથી ત્યાં જવા માટે રસ્તા સારા હોવા જોઈએ.રાજકોટ થી એરપોર્ટ જવા માટે ગ્રીન લેન્ડ ચોકડી પાસે ટ્રાફિકની સમસ્યા,સાત હનુમાનના મંદિર પાસે બ્રિજનું કામ ચાલુ હોય વહેલા માં વહેલી બ્રિજનું કામ પૂરું કરવું જેથી લોકો સમય સર એરપોર્ટ પહોચી શકે.કુવાડવા ગામ પાસે આવેલ બ્રિજનું કામ ક્યારે પુર્ણ થશે તેનો કોય અંદાજ નથી વહેલા વહેલી તકે આ બ્રિજનું કામ પૂર્ણ કરવું.પાયાની સુવિધા જ્યાં સુધી પૂરી કરવામાં ન આવે ત્યાં સુધી જૂના એરપોર્ટ પર સેવા ચાલુ રાખી શકાય તેમ છે તો આટલી ઉતવાળ કરી લોકોને દુખી કરવાનો શું મતલબ છે આટલો વિશાળ ખર્ચ કર્યા બાદ પણ જો તમે લોકોને પાયાની સુવિધા આપી ન શકો તો તેને ખરા અર્થ માં વિકાસ નહીં વિનાશ કહેવાય જેથી જ્યાં સુધી એરપોર્ટ સુવિધાઓ થી સક્ષ્મ ન બને ત્યાં સુધી જૂનું એરપોર્ટ ચાલુ રાખવા વિનંતી.રાજકોટને રંગીલું રાજકોટ કહેવામા આવે છે આવા રંગીલા રાજકોટ નું એરપોર્ટ પણ સુવિધાઓથી રંગાયેલું હોવું જોઈએ.

સંજય અજુડિયા (શહેર કાર્યકારી પ્રમુખ), અતુલ રાજાણી (પૂર્વ કોર્પોરેટર), ડી.પી.મકવાણા(પ્રદેશ અગ્રણી), જશવંતસિંહ ભટ્ટી (પ્રદેશ અગ્રણી),રાજદીપસિંહ જાડેજા(પ્રદેશ અગ્રણી), મેઘજીભાઈ રાઠોડ(પૂર્વ સ્ટે.કમિટી ચેરમેન),ગૌરવ પુજારા(શહેર કોંગ્રેસ અગ્રણી)વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

ક્રિનાબેન કારીયાના સ્મરણાર્થે ધાર્મિક યાત્રાનું આયોજન

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૫

શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સતત પાંચમાં વર્ષે સ્વ.ક્રિનાબેન અતુલભાઇ કારીયાના સ્મરણાર્થે અતુલભાઇ ધીરજલાલ કારીયા તથા ભાવનાબેન અતુલભાઇ કારીયા પરીવારના મુખ્ય યજમાન પદે રાજકોટ શહેરમાં વસતા નિરાધાર, નિઃસહાય, નિઃસંતાન, ગંગા સ્વરૂપ માતાઓ (વિધવા) માટે વિનામુલ્યે (એક પણ પૈસો લીધા વગર) એક ધાર્મિક યાત્રાનું ભવ્ય આયોજન તારીખ ૧૫/૦૨ થી તા. ૨૭/૦૨ સુધી કરવામાં આવેલ છે. આ યાત્રામાં ગંગા સ્વરૂપ માતાઓ (વિધવા)ને અયોધ્યા રામ મંદિર, બનારસ (કાશી), પ્રયાગરાજ, છપૈયા, સીતામઢી, જનકપુર તેમજ નેપાળમાં પોખરા, પશુપતિનાથ. ગોરખપુર વગેરે સ્થળોની યાત્રા વિનામુલ્યે કરાવવામાં આવશે.આ

યાત્રીમાં સામેલ થનાર ગંગા સ્વરૂપ માતાઓને રાજકોટ રેલ્વે સ્ટેશન થી રેલ્વે સ્લીપર કલાસ માં લઇ જવામાં આવશે. આ યાત્રામાં દરરોજ સવારે ચા, કોફી નાસ્તો બપોરે તથા રાત્રે શુદ્ધ શાકાહારી કાઠીયાવાડી ભોજન આપવામાં આવશે. આ યાત્રા ફોર્મનું વિતરણ વહેલા તે પહેલા ના ધોરણે સવારે ૧૦થી ૧૨ કલાકે તથા સાંજે પથી ૮ કલાકે કરાશે.

જે પરત કરવાની તારીખ ૧૫/૧૦ સુધીમાં સંસ્થાના કાર્યલય શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી પ્રગટ હનુમાનજી મંદિર, લક્ષ્મીવાડી શેરી નં.-૯/અ, ભિલપરા મેઇન રોડ, રાજકોટ ઉપર રહેશે. આ યાત્રામાં મર્યાદિત સંખ્યા લઇ જવાની હોય માટે વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ વિતરણ કરવામાં આવશે. ત્યારબાદ સ્થળ તપાસ કરીને જ ફોર્મ માન્ય કરવામાં આવશે. સ્થળ તપાસ કર્યા બાદ જે ગંગા સ્વરૂપ માતાઓને કોઇપણ સંતાનમાં દીકરો કે દીકરી હોય તેઓને સંસ્થા દ્વારા નક્કી કર્યા મુજબ ફી ભરવાની રહેશે. આ માનવ સેવા કાર્યમાં સંસ્થાના પૂજાબેન ભટ્ટ, જયાબેન વાઘેલા, કિર્તિબેન પાનસુરીયા, જેમિલ પંડયા, દેવાંગભાઇ ભટ્ટ, ભરતભાઇ પાર્થ દવે, પાવન શિશાંગિયા, પ્રિયાંશ ગોહેલ, પરેશ ગોહેલ, બિપિન ગોહેલ, સવજીબાપા, બચુબાપા, જયેશભાઇ અનડકટ, ચિંતન રાચ્છ, તથા અન્ય કાર્યકરો સેવા આપી રહ્યા છે. વધુ માહિતી માટે સંસ્થાના પ્રમુખ જગદીશભાઇ એસ. ભટ્ટ) ૯૯૨૫૦ ૧૭૮૮૮ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત અને સરગમ ક્લબ સંચાલિત

વીરસાવરકર ઈન્ડોરસ્ટેડીયમનાં વિભાગમાં છ માસિક મેમ્બરશીપ માટે નવા ફોર્મ વિતરણ શરૂ

જુના મેમ્બરોએ પોતાની મેમ્બરશીપ રીન્યુ કરાવી લેવા અપીલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત અને સરગમ ક્લબ સંચાલિત ઈન્ડોર સ્ટેડીયમમાં ચાલતી રમત ગમતની પ્રવૃતિમાં જોડાવા માંગતા લોકોએ છ માસિક એપ્રિલ માસ ૨૦૨૩ થી સપ્ટેમ્બર માસ ૨૦૨૩ સુધીની મેમ્બરશીપ માટે નવા ફોર્મ ભરી દેવા તેમજ જુના સભ્યોએ પોતાની મેમ્બરશીપ રીન્યુ કરાવી લેવા સરગમ ક્લબ દ્વારા અનુરોધ કરાયો છે.સરગમ ક્લબ નાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં જણાવ્યા અનુસાર, વીર સાવરકર ઈન્ડોરસ્ટેડીયમ માં ચાલતી બેડમીન્ટન, ટેબલ ટેનીસ, જીમ, જુડો, ટેકવોન્ડો, કેરમ, સહિતના વિવિધ વિભાગમાં આવતા જુના મેમ્બરો પોતાની પોતાની રિન્યુ મેમ્બરશિપ મેમ્બરશીપ તા.૧૫/૦૯ થી ૨૭/૦૯ સુધીમાં રીન્યુ કરાવી લેવાની રહેશે. ત્યારબાદ જુના મેમ્બરોની મેમ્બરશીપ રીન્યુ કરવામાં આવશે નહી, તેઓને પણ નવા મેમ્બર ગણી જગ્યા હશે તો જ મેમ્બરશીપ અપાશે. જેની ખાસ નોંધ લેવા અંતમાં જણાવ્યું હતું.. આ ઉપરાંત ઈન્ડોર સ્ટેડીયમમાં જોડાવવા માંગતા નવા સભ્યોનાં તા.૦૧/૧૦ ને રવિવાર નાં રોજ બેડમિન્ટન ના ફોર્મ સવારે ૮/૩૦ વાગ્યાથી સ્વીકારવાનું શરૂ થશે.જે વ્યક્તિ હાજર હશે તેને સ્થળ પર જ પ્રવેશ આપી દેવામાં આવશે. દરમિયાન બેડમિન્ટન વિભાગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. જે વિભાગમાં જેટલી ખાલી જગ્યા હશે તેટલા જ સભ્યોને પ્રવેશ આપવામાં આવશે. તેથી ઈન્ડોર સ્ટેડીયમ માં સભ્યપદ મેળવવા માંગતા લોકોએ વહેલામાં વહેલી તકે ફોર્મ મેળવીને નિર્ધારિત તારીખે , સવાર ના ૮/૩૦ કલાકે હાજર રહેવા અનુરોધ કરાયો છે. બેડમિન્ટન વિભાગમાં જોડાનાર ખેલાડીઓએ નોન માર્કિંગ સૂઝ પહેરવાના રહેશે. મેમ્બરશીપનો સમયગાળો ૦૧/૧૦ થી ૩૧/૦૩/૨૪ ઓક્ટોબર થી માર્ચ સુધીનો રહેશે.

બેડમીન્ટન વિભાગમાં શીખાઉ બેચનો સમય સવારે ૯/૦૦ થી ૯/૪૫ અને ૯/૪૫ થી ૧૦/૩૦ નો રહેશે. ઈન્ડોર સ્ટેડીયમનાં વિવિધ વિભાગોમાં બેડમિન્ટન, ટેબલ ટેનીસ, જીમ, જુડો, ટેકવોન્ડો, કેરમ, વગેરે રમતો તો રેગ્યુલર ચાલે જ છે.તેમજ લેડીઝ હેલ્થ ક્લબમાં પણ પ્રવેશ કાર્યવાહી ચાલુ છે.

મેમ્બરશીપ ની છ મહિનાની ફી :-બેડમિન્ટન ફી - ૧૫૦૦/-, જિમ ફી ભાઈઓ - ૧૧૮૦/-, ટેબલટેનીસ ફી - ૭૫૦/-, લેડીઝ હેલ્થ ફી - ૮૦૦/- ટેકવોન્ડો ફી - ૫૦૦/-, જિમ્નાસ્ટિક ફી - ૬૦૦/-, કેરમ ફી - ૪૦૦/-, જૂડો ફી - ૪૦૦/- આ બધી જ રમત ની ફી છ માસની રહેશે.વધુ માહિતી તથા પુછપરછ માટે ઈન્ડોર સ્ટેડીયમ ખાતે કાર્યાલયનો સવારના ૯ થી ૧૨ સાંજે ૫ થી ૮ દરમિયાન ફોન નં.૦૨૮૧ ૨૪૭૭૫૫૫ ઉપર અથવા રૂબરૂ મેનેજર પ્રફુલભાઈ સંઘાણીનો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.ખાસ જાણ માટે ગુજરાત સરકાર તથા રાજકોટ મહાનગરપાલિકા ની ગાઈડ લાઈન પ્રમાણે સમયે સમયે ચુસ્ત પાલન કરવાનું રહેશે. જેની ખાસ નોંધ લેશો. ઈન્ડોર સ્ટેડીયમની સમગ્ર વ્યવસ્થા સરગમ ક્લબનાં પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન હેઠળ જયેશભાઈ વસા, કૌશિકભાઈ સોલંકી, જયદિપસિંહ જાડેજા સહિતના સંભાળી રહ્યા છે.તેમ જણાવ્યું છે.

કુવાડવા રોડ ઉપર જલારામ ચીકીની નવા આઉટલેટનો પ્રારંભ

નવી પેઢી વિસ્તુતિકરણ કરશે : ગુજરાતન મહત્વના શહેરોમાં પાંખો પ્રસારશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૫

છેલ્લા છ દાયકાથી રાજકોટમા ચીકી ક્ષેત્રે લોકોના દિલમાં અનેરુ સ્થાન ધરાવતાં જલારામ ચીકીએ સમય સાથે તાલ મિલાવવા અને વિકસતા શહેર સાથે શહેરની તમામ સરહદોના ગ્રાહકો સુધી પહોંચવા વિસ્તૃતિકરણ શરૂ કર્યુ છે. આ વિસ્તૃતિકરણના ભાગરૂપે ગત રવીવારે શહેરના કુવાડવા રોડ ઉપર બોમ્બે સુપર-૨ મોલ ખાતે જલારામ ચીકીના આઉટલેટનો પ્રારંભ એકદમ પારિવારીક માહોલમાં કરવામાં આવ્યો હતો. ચોટાઇ પરિવારના પ્રકાશભાઇ અને મનોજભાઇએ નવા આઉટલેટનું ઉદ્ઘાટન બહેન રક્ષાબેન સતીષકુમાર ચોટાઇના હસ્તે કરાવી એક નવો ચીલો ચાતર્યો હતો.

જલારામ ચીકીના નવા આઉટલેટના ઉદઘાટનમાં સમાજના તમામ વર્ગના વેપારી -મિત્રો, સંતો, મહંતો, સેવાભાવીઓ વગેરેએ ઉપસ્થીત રહી શુભેચ્છા પાઠવી હતી. પ્રકાશભાઇ અને મનોજભાઇ ચોટાઇએ જણાવ્યુ હતું કે રાજકોટ શહેર વિકસીત થતાં અમારા માનવંતા ગ્રાહકોને તેમની લોકપ્રિય ચીકી અને નમકીન નજીકથી મળી રહે એ માટે શહેરના જુદા જુદા વિસ્તારમાં અમોએ આઉટલેટ શરૂ કર્યા છે. જેમાં કુવાડવા રોડ સામા કાંઠે બોમ્બે સુપર - ૨ ખાતે અમારુ આ છઠ્ઠુ આઉટલેટ શરૂ કર્યુ છે. ૧૯૬૧ની સાલમાં સ્વ.નટવરભાઇ ઘેલાભાઇ ચોટાઇએ સોની બજારમાં રેંકડી રાખીને શરૂ કરેલી આ યાત્રા આજે સખત અને સતત પરિશ્રમ તથા નિષ્ઠાથી વિકસી

છે.

પ્રકાશભાઇ અને મનોજભાઇ ચોટાઇના જણાવ્યા મુજબ રાજકોટમાં સોની બજાર,બાપુનગર, લીમડા ચોક, ઇન્દીરા સર્કલ,મવડી અને હવે કુવાડવા રોડ ખાતે જલારામ ચીકીના આઉટલેટ ખાતેથી ગ્રાહકોને ખાતરી બધ્ધ ચીકી અને નમકીન મળી રહેશે. મનોજભાઇ ચોટાઇએ જણાવ્યુ હતું કે હવે આ ગૃહઉદ્યોગમાં અમારી નવી પેઢી પણ કાર્યરત થઇ છે. રાજકોટ ઉપરાંત રાજયના મોટા શહેરોમાં પણ જલારામ ચીકીની માંગ રહે છે. આથી નવી પેઢી ભવિષ્યમાં ગુજરાતના મોટા શહેરોમાં જલારામ ચીકીના વેપાર વ્યવસાયને આગળ વધારે તેવુ આયોજન છે.

જલારામ ચીકીની ૨૫થી વધુ વરાઇટી

સીંગ ચીકી, તલ ચીલી, , કાળા તલ ચીકી, કોકો ચીકી, પીનટ બટર ચીકી, કશ ચીકી, ટોપરા ચીકી, સોના ચીકી, મિક્સ ચીકી, રાજભોગ ચીકી, કાજુ ચીકી, ડ્રાયફ્રૂટ ચીકી, કાજુ બદામ પિસ્તા ચીકી(ગોળમાં), રાજગરા ચીકી, ખજૂર કાતરી, ખજૂર પુરી, ચોકોબોલ, ખજૂર પાક, માવાનો માંડવી પાક, ખરી સીંગ, રેવડી, ચેવડો, વેફર, નમકીન વગેરેનો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર દ્વારા જી.પી.એસ.સી. ક્લાસ ૧,૨નાં પ્રિલીમ્સનાં કોર્ચીંગ વર્ગોનું આયોજન

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી - જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. જેના કારણે સૌરાષ્ટ્ર વિસ્તારના અનેક છાત્રોને સરકારી નોકરી મેળવવાનું સ્વપન સાકાર થયેલ છે. સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.કયુ. પરીક્ષા, જ્ઞાનના સાગર રૂપી ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને કુલચિવ ના સફળ માર્ગદર્શન હેઠળ ટીમ સીસીડીસી મારફત અનેક સફળતાપૂર્વક કાર્યક્રમ અને તેના ફળ સ્વરૂપ દરેક પરીક્ષામાં છાત્રો મારફત ઝળહળતી સફળતા મેળવી સીસીડીસીના તાલીમ વર્ગોને અને કાર્યશાળાઓના આયોજનને બિરદાવેલ છે. હાલ જી.પી.એસ.સી. દ્વારા જુદી-જુદી જગ્યાઓ માટે ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨ માટે અંદાજે ૧૦૦ ની ભરતી કરવામાં આવનાર છે. આ ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી.નાં દ્વારા તા. ૨૮-૦૯ ને ગુરૂવારથી પ્રિલીમ્સના તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં જી.પી.એસ.સી. વર્ગ ૧-૨ ની વિવિધ જગ્યાઓ માટેના અભ્યાસક્રમ જનરલ સ્ટડીઝના પ્રિલીમ્સનાં સિલેકટેડ વિષયો જેવા કે, ભારતનું બંધારણ, ભારતનો ઈતિહાસ અને ભૂગોળ, અર્થશાસ્ત્ર, પર્યાવરણ, મેથેમેટીકસ અને રીઝનીંગ, સાંસ્કૃતિક વારસો વગેરેની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે તા. ૨૬-૦૯ સુધીમાં સી.સી.ડી.સી. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફલોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, જી.પી.એસ.સી.નું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.તેમ જણાવ્યું છે.

શહેર ભાજપ દ્વારા શ્રી ગણપતિ મંગલ મહોત્સવનું ભવ્ય આયોજન તડામાર તૈયારી શરૂ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૫

શહેર ભાજપ દ્વારા ગુજરાતભરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા માત્ર રાજકોટ મહાનગર ખાતે ગણપતી મંગલ મહોત્વસ ભવ્ય આયોજન છેલ્લા ૧૫ વર્ષથી લાગલગાટ કરવામાં આવે છે ત્યારે આ વર્ષે ભવ્ય આયોજન શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શક હેઠળ કરવામાં આવેલ છે ત્યારે આ મંગલ મહોત્સવનું સ્થાપન આગામી તારીખ ૧૯ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે. ત્યારે આ કાર્યક્રમ ધામધુમથી ઉજવાય અને શહેરમાંથી આવતાં દર્શનાથી લોકોને અગવડતા ન પડે તે માટે સુચારૂ આયોજન માટે એક અગત્યની બેઠક શહેર ભાજપ કમલમ ખાતે મળી હતી. જેમાં વિવિધ સમીતીઓની રચના કરવામાં આવેલ છે. ત્યારે આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ સમીતીઓમાં સમાવિષ્ટ કાર્યકર્તાઓને વિશેષ માહિતી આપી હતી. આ તકે સમીતીના ડો.માધવ દવેએ કાર્યક્રમની સંપૂર્ણ માહિતી આપી હતી. તેમજ કિશોરભાઈ રાઠોડે ગણપતી મંગલ મહોત્સવમાં દરરોજ રાત્રે યોજનાર સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ સ્પર્ધાની વિસ્તૃત માહિતી આપી હતી. આ બેઠકમાં શહેર ભાજપ મહામંત્રી મહામંત્રી અશ્વિન મોલીયા સહિતના ઉપસ્થિત રહયા હતા.

મેયર નયનાબેન પેઢડીયાનું ભાજપ મહિલા મોરચા દ્વારા સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૫

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી તેમજ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારી ડો.ઉર્વશીબેન પંડયાના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ મહિલા મોરચાની એક બેઠક કમલમ કાર્યાલય ખાતે યોજાઇ હતી. જેમાં શહેરના નવનિયુક્ત મહિલા મેયર નયનાબેન પેઢડીયા તેમજ શાસક પક્ષના નેતા લીલુબેન જાદવનું શહેર ભાજપ મહિલા મોરચા દ્વાર સ્વાગત કરાયું હતુ આ તકે શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલની ઉપસ્થિતીમાં આ બેઠક યોજાઈ હતી. આ તકે નયનાબેન પેઢડીયા તેમજ લીલીબેન જાદવે સન્માન

બદલ આભર વ્યક્ત કર્યો હતો આ તકે શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયાએ જણાવ્યુ હતુ કે આગામી તારીખ ૧૭ સપ્ટેમ્બરના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અંતર્ગત પંચનાથ મહાદેવ મંદિરે રોપા વિતરણ સહિતના કાર્યક્રમ સાથે સેવાકીય પ્રકલ્પોનું આયોજન કરવામાં આવેલ છે. આ તકે શહેર ભાજપ મહિલા આગેવાન કાશ્મીરાબેન નથવાણી, પુજાબેન પટેલ, કંચનબેન સિધ્ધપુરા, રમાબેન હેરભા, શીલ્પાબેન જાવીયા, ભગવતીબેન ધરોડીયા, નયનાબેન માળી, દક્ષાબેન વાઘેલા, મંગળાબેન સોઢા, દિપાબેન કાચા, મીરાબેન વોરા, સૈજલબેન ચૌધરી, વૈશાલીબેન મહેતા, રસીલાબેન પાંભર, પ્રફુલાબેન બારોટ સહિતના ઉપસ્થિત રહયા હતા. આ બેઠકની વ્યવસ્થા કિરણબેન માકડીયા, કિરણબેન હરસોડા,દેવીકાબેન રાવલે સંભાળી હતી.

તંત્રી લેખ

કંજૂસાઈ નહીં પણ 'કરકસર છે આધુનિક વિચારધારા...

જેમ જેમ જીવનમાં પ્રગતિ કરીએ છીએ, સમૃદ્ધિ તરફ જઈએ છે તેમ તેમ આનંદ વધે છે. પરંતુ, વૈભવ સાથે એક ચીજ ચાલી જાય છે તે છે અનુકુળ સમય. સતત પ્રગતિ કરતા આ દેશમાં તમારી પાસે બધું જ હશે, પરંતુ હવે તમારે જે સાચવવાનું છે તે છે સમય. વર્ષો પહેલાં જયારે દેશમાં આટલી સમૃદ્ધિ ન હતી, ત્યારે લોકો ચીજ વસ્તુઓ શોધવા નીકળતાં, સમય પસાર કરવા એકબીજાને મળવા જતાં. દૂર દૂર ફરવા જતાં, એકબીજાને ટપાલ લખતાં અને સમાચાર પત્રો વાંચીને નવી માહિતી મેળવતાં. તે સમયે જીવન બિલકુલ સામાન્ય હતું, કોઈ સાધન કે વ્યવસ્થા આટલી બધી જોવા મળતી ન હતી. અને મનુષ્ય પાસે સામાજિક જીવન માટે અનુકુળ સમય પણ રહેતો હતો. અમદાવાદથી ડીસા જવામાં લગભગ સાંજ પડી જતી, સાધનો પણ જલદી મળતાં નહીં. જયારે આજે સવારે જઈને બપોરે પાછા આવીએ તેવી મોંઘી ગાડીઓની સગવડ સહજ થઇ ગઈ છે.એકસામટાં મોકલાતાં ગુડ મોર્નિંગના મેસેજ અને બિનજરૂરી વીડિયો તમારા કુમળા મન અને બુદ્ધિને અમર્યાદિત નુકસાન આપે છે. એક ખરાબ મેસેજ તમારા જીવનની લગભગ (એવરેજ)૭ મિનીટ બગાડી શકે છે.તમને સારી રીતે કાર્ય કરવા માટે એક કાર્ય પર '૪૦ સેકન્ડ સમય આપ્યાં પછી જ તે કાર્યને તમારૂ મગજ સારી રીતે સમજવા લાગે છે. માટેબિનજરૂરી મેસેજીસ તમને કેટલું નુકસાન આપી રહ્યા છે, તે તમે પોતે જ સમજી શકશો. સમય બચાવવા માટે તમારે જીવનમાં, સરળતા લાવવી પડશે અને તર્કપૂર્ણ રીતે જીવન પ્રણાલીને સુધારવી પડશે, નહીતર ચીજોનો ભંગાર અને બિનજરૂરી માહિતીથી તમારૂ જીવન ઝડપથી ચાલ્યું જશે તે પણ સત્ય છે. કંજૂસાઈ નહીં પણ 'કરકસર સાથે જીવવું પડશે, કરકસર જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે. જોઈતી ચીજોને પણ ના રાખવી કે ના ખરીદવી કંજુસાઈ છે પણ જે જોઈએ છે માત્ર તેને જ રાખવું એ કરકસર છે. કરકસર માં-બાપ કે ગુરૂજનો સિવાય કોઈ શીખવાડતું નથી. કરકસર માટે મન કેળવવું પડે છે, તેનો સીધો ફાયદો 'નાણાં અને શક્તિનો બચાવ છે. મને લાગે છે કે હવે તમને કરકસર જરૂર ગમશે.એવી ચીજોનું લીસ્ટ બનાવો કે જે છેલ્લા ઘણા સમયથી નથી વપરાઈ, આ ચીજોની જો તમારે જરૂર ના હોય તો તે ચીજો જેણે ઉપયોગી થાય તેને આપી દો. એકવાર આ રીતે કરવાથી તમને જરૂરથી ઘરમાં નવી ઊર્જાનો અનુભવ થશે અનેજેણે આપશો તે પણ ખુશ થશે.આનું સૌથી સારું ઉદાહરણ કાંડા ઘડિયાળ છે, મેં જોયું છે કે લોકોના કબાટમાં ઘડિયાળોનો ખડકલો થઇ ચુક્યો છે. આપણને એક સમયે એક જ ઘડિયાળથી સમય જોવા મળી શકે. એક જ પરંતુ સૌથી સારી ક્વોલીટીની ઘડિયાળ વાપરીને પણ તમે જીવન આસાન બનાવી શકો છો. એક થી વધુ ટુ-વ્હીલર્સ અને એકથી વધુ મોબાઈલ ફોન્સ બિનજરૂરી સમય અને શક્તિનું ઉદાહરણ છે. એક પણ સૌથી અનુકુળ સાધન રાખો. મુદત પૂરી થઇ ગઈ હોય તેવા બિલ્સ, જાણ ખાતર મોકલાયેલા લેટર્સ તથા ના વાંચતા હોવ તેવા મેગેઝિન કે પુસ્તકોને પણ રોજબરોજની જગ્યાઓ પરથી હટાવી શકાય. તમે સમજી શકો છો કે જે કાગળની માહિતી તમે જાણી લીધી છે, તેની પર એક્શન લઇ લીધી છે તો પછી તે કાગળને અહી તહી મૂકી રાખવાનું કોઈ પ્રયોજન બચતું નથી. જૂના પુસ્તકો જો તમે વાંચી લીધા હોય તો પણ તેમને તમે તમારી મહત્વની જગ્યા પરથી હટાવી શકો છો. આ પ્રક્રિયા સકારાત્મક મન સાથે કરવી પડશે. જેટલું બિનજરૂરી હટશે તેટલું જરૂરી આવી શકશે. આપણે મોટા ફ્રીજ અને મોટા કબાટ બધે જ જોઈએ છીએ, જેટલા મોટા કબાટ તેટલો જ વધુ સામાન. સામાન જલ્દી પોતાની જગ્યાએથી જતો પણ નથી, ઉપયોગમાં આવતો પણ નથી.

ત્રંબામાં લોકમેળાનું ઉદ્‌ઘાટન કરતાં સાંસદ રામભાઈ મોકરીયા

જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી,ભુપતભાઈ બોદર તથા પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીની ઉપસ્થિતીમાં ઉદ્‌ઘાટન કરાયું

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ ના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર રાજ્યના સર્વાંગી વિકાસની સાથોસાથ પ્રાચીન યાત્રાધામોનો પણ જીર્ણોદ્ધાર અને વિકાસ કરી રહ્યા છે ત્યારે આવા જ એક તીર્થધામ કસ્તુરબા ધામ ત્રંબાખાતે જયાં આજી નદી,ગૌમુખી ગંગા નદી બાંડિયો નદી એમ ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ થાય છે તેવા પવિત્ર સ્થાને અતિ પૌરાણિક અને પ્રાચીન પાંડવો દ્વારા સ્થાપિત શિવલિંગ કે જે ત્રંબકેશ્વર મહાદેવ તરીકે પુજાય છે તેમજ પાંડુ પુત્ર ભીમ દ્વારા રોપાયેલા પીપળાનું વૃક્ષ કે જયાં પિતૃકાર્ય તથા તર્પણ કાર્ય કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ઓ આવે છે.જયાં દર વર્ષે સર્વ પિતૃ અમાસ એટલે કે ભાદરવી અમાસના દિવસે એક દિવસનો મેળો ભરાય છે આ મેળાનું આયોજન ત્રંબકેશ્વર યુવા ગ્રુપ તથા સમસ્ત ગ્રામજનો દ્વારા કરવામાં આવે છે આ લોકમેળાનું આજે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે અને નવ નિયુક્ત જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી, પૂર્વ જી.પં.પ્રમુખ ભુપતભાઈ બોદર તથા પુર્વ રાજ્યમંત્રી અરવિંદ ભાઈ રૈયાણીની વિશેષ ઉપસ્થિતિમાં ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

અતિ પ્રાચીન અને ધાર્મિક રીતે અદકેરુ મહત્વ ધરાવતા ત્રંબકેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં વર્ષોથી યોજાતા લોકમેળામાં મોટી સંખ્યામાં કસ્તુરબાધામ-ત્રંબા અને તેની આસપાસના લોકો ઉમટી પડતા હોય છે.આજે જ્યારે આ મેળાનું ઉદઘાટન કરાયું ત્યારે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને લોકો ઉમટી પડ્યા હતા.

આ તકે ત્રંબામાં જૂના પાદર હનુમાનજી મંદિર કે જે આશરે ૨૦૦ વર્ષ પુરાણુ છે અને મોટી સંખ્યામાં શ્રી હનુમાનજી મહારાજના ભક્તો શ્રદ્ધાપૂર્વક દર્શનાર્થે આવે છે તે તરફ જવાનો રસ્તો બનાવવા માટે આ વિસ્તારના આગેવાનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી અને તેના અનુસંધાને સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ તેની ગ્રાન્ટમાંથી આ માટે નાણા ફાળવ્યા છે. આજે મેળાના ઉદઘાટનની સાથોસાથ સીસી રોડના કામનું ખાતમુહૂર્ત પણ સંસદ સભ્ય રામભાઈના હસ્તે અને મહાનુભાવો ની વિશેષ ઉપસ્થિતિ-માં કરવામાં આવ્યું હતું.

મેળાના ઉદઘાટનમાં અને રોડના ખાતમુહૂર્તના કાર્યક્રમમાં મહાનુભાવો તથાજિલ્લા ભાજપ અગ્રણી સંજયભાઈ રંગાણી, છગનભાઈ સખીયા,લાખાપર સરપંચ કેતનભાઈ કાનાણી, કે.યુ.ભાઈ ઢોલરીયા,વલ્લભભાઈ શેખલીયા ભાવેશ પીઠવા(સરપંચ),મનુભાઈ ત્રાપસિયા (પૂર્વ સરપંચ),ભાવેશ ત્રાપસીયા મહેન્દ્રભાઈ રૈયાણી વર્ષાબેન ખુંટ, નીતિનભાઈ રૈયાણી,કલ્પેશભાઈ રૈયાણી, રસિકભાઈ ખુંટ,ભાજપના સંગઠન માળખાના હોદ્દેદારો, આગેવાનો તથા મોટી સંખ્યામાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.તેમ જણાવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કાર્યકાળને સફળતા અને સિધ્ધીભર્યા બે વર્ષ પૂર્ણ : શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કાર્યકાળને સફળતા અને સિધ્ધીભર્યા બે વર્ષ પૂર્ણ થયા છે ત્યારે શુભેચ્છા પાઠવતા રાજકોટ(પૂર્વ), વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ છે કે મુખ્યમંત્રીએ લોકકલ્યાણકારી અને લોકહીતકારી નિર્ણયો થકી પોતાના બે વર્ષના સફળ કાર્યકાળ દરમ્યાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં કંડારેલ વિકાસની કેડીને સુંદર રીતે આગળ ધપાવી છે

જેનાથી રાજયની સુખાકારીમાં વધારો થયો છે અને ગુજરાત સર્વ દિશામાં પ્રગતિની રાહ પર અગ્રેસર થયુ છે, ત્યારે ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજયમાં સર્વસ્પર્શી અને સર્વગ્રાહી વિકાસ થયો છે. જેમાં આરોગ્ય ક્ષેત્રે આયુષ્યમાન કાર્ડમાં રાજયના નાગરિકોને રૂા. ૫ લાખની મળતી સહાયની રકમ વધારીને રૂા. ૧૦ લાખ સુધીનું આરોગ્ય કવચની શરૂઆત, રાજયના કૌશલ્યવાન યુવાનોને રોજગાર મળી રહે તે માટે રાજયમાં ૪૩૩ જેટલા ભરતીમેળાઓનું આયોજન અને ૧ લાખથી વધુ યુવાઓને રોજગારીનો અવસર, શાળા પ્રવેશોત્સવથી રાજયના ૧ કરોડ બાળકો માટે હેલ્થ ચેકઅપ અભિયાનનો પ્રારંભ, જેમાં આરોગ્ય માટે બજેટમાં માતબર રકમની ફાળવણી, એસ.ટી. બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓ - મુસાફરો માટે ઓનલાઈન પાસ સુવિધા. રાજયમાં જી-૨૦ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન, મુખ્યમંત્રી કાર્યાલયમાં લોકોના પ્રશ્નોના નિવારણ માટે ટેકનોલોજી આધારિત જનસુવિધા-ઈ-મોડયુઅલ્સ કાર્યરત થયા. કેન્દ્રના નીતિ આયોગની પેર્ટન પર રાજય નીતિ આયોગની રચના કરવાનો નિર્ણય, જસ્ટીસ ઝવેરી કમિશનની ભલામણો રાજયમાં લાગુ કરાઈ જેમાં ઓ.બી.સી. વર્ગોને બેઠકો/હોદા માટે (પ્રમુખ,મેયર, સરપંચ) ૨૭ ટકા અનામતનો નિર્ણય. બીપરજોય વાવાઝોડા સામે ઝીરો કેઝયુલીટી એપ્રોચથી મોટી જાનહાની અને નુકસાન ટાળી શકાયું તેમજ અસરગ્રસ્ત ૧૦ જિલ્લાઓમાં રાજય સરકારે રૂા.૧૧.૬૦ કરોડની ત્વરીત નુકશાન વળતર સહાય ચુકવી અને ૨૪૦ કરોડનું ઉદારતમ રાહત સહાય પેકેજ જાહેર કર્યું. ૨૪૦૦થી વધુ અમૃત સરોવરના નિર્માણ સાથે ગુજરાતમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ. કાયદો વ્યવસ્થા ક્ષેત્રે મકકમતાથી ગુજરાત જ નહી પરંતુ દેશમાં ડ્રગ્સને ઘુસતુ અટકાવ્યું છે, માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ થકી રાજયની સંસ્કૃતિ અને અસ્મિતા જાળવી શકાય તે માટે ધો.૧ થી ૮ સુધી ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત કરતો કાયદો બનાવ્યો. ૭ લાખથી વધુ શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ પાંચ રૂપિયામાં ભોજન, રેશનની દુકાનમાંથી બાજરી-જુવાર નુ વિતરણ શરૂ કરાવ્યું, શ્રમયોગીઓના કલ્યાણ માટે મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજનાની જાહેરાત, ગ્રામ વિકાસ અને શહેરી વિકાસ , જળ સંચય અને જળ સિંચન ક્ષેત્રે વિવિધ કલ્યાણકારી નિર્ણયો, ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસરતા, ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે ડેવલોમેન્ટ માટે માતબર રકમની ફાળવણી, પ્રવાસન અને યાત્રાધામોનો વિકાસ થયો છે ત્યારે છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજયમાં અનેકાનેક લોકકલ્યાણકારી યોજનાઓ થકી ઉન્નત કૃષી અને આત્મનિર્ભર

ખેડૂત, ધંધા-ઉદ્યોગમાં અગ્રેસરતા, સ્વાસ્થ્ય-શિક્ષણ અને સુરક્ષા દ્વારા મહિલા સશક્તિકરણ, સક્ષમ યુવા સુવર્ણ આવતીકાલને સાર્થક કરતી અનેક યોજનાઓ, ગરીબોને ગરીમામય જીવન, વંચિતોનો વિકાસ, શહેરો અને ગામડાઓમાં ઈઝ ઓફ લિવિંગનો વધારો, સ્વસ્થ ગુજરાત-સશક્ત ગુજરાત થકી રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતએ તમામ ક્ષેત્રે વિકાસના નવા જ આયામો પ્રસ્થાપિત કર્યા છે. એમ અંતમાં રાજયની ડબલ એન્જીન સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને બે વર્ષનો શાસનકાળ સફળતાપૂર્વક પૂર્ણ થવાના અવસરે અભિનંદન પાઠવતા રાજકોટ વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું.

સૌરાષ્ટ્રમાં વરસાદ ખેંચાતા ૫૦%થી વધારે ડેમો ખાલી

ડેમોને ઉંડા અને માટી કાઢવાની મંજુરી આપવા રજૂઆત

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા રાજકોટ કલેકટર મારફત મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૫

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા રાજકોટ કલેકટર મારફત મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.રજૂઆતમાં જણાવ્યું છે કે, સૌરાષ્ટ્રમાં ચોમાસાની શરૂઆતમાં ખુબ સારો વરસાદ પડેલ તેથી ખેડૂતોએ સારું એવું વાવેતર કરી દીધેલ હોઈ અને હાલમાં છેલ્લા આશરે ૫૦ દિવસથી વરસાદ ખેંચાતા સૌરાષ્ટ્રના ૫૦% થી વધારે ડેમો ખાલી થઈ ગયેલ છે તો તાત્કાલિક ડેમને ઊંડા કરવાની મંજૂરી આપવા.સૌની યોજના' દ્વારા નર્મદા મુખ્ય કેનાલ અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓ અને ડેમો સુધી તાત્કાલિક પાણી પહોંચાડવા,જે ડેમોમાં પાણી છે તે ખેતીના સિંચાઈવાળા ડેમોમાંથી ખેતી માટે જરૂરીયાત મુજબ તાત્કાલિક પાણી આપવું.જે તુટેલા ચેકડેમ છે તેને રીપેરીંગ, ઊંડા, ઊંચા તેમજ નવા બનાવવા તાત્કાલિક શરૂઆત કરવી.

સૌરાષ્ટ્રમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧૮ જેટલા ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧૦૦૦ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઇ સખીયા, દિનેશભાઇ વોરા, રમેશભાઇ ઠક્કર, વિરાભાઈ હુંબલ, જમનભાઈ ટેકોરા, પ્રકાશભાઇ કનેરીયા, જિગ્નેશભાઇ પટોડીયા, વસંતભાઇ લીંબાસીયા, ભરતભાઇ ગાજીપરા, દિલીપભાઇ લાડાણી, ગોપાલભાઈ બાલધા, ભરતભાઇ ભૂવા, રતીભાઈ કુમ્મર, ભરતભાઇ પીપળીયા, મનીષભાઈ માયાણી, રમેશભાઇ જેતાણી, બચુભાઈ ધામી, ભૂપતભાઈ કાકડિયા, અશોકભાઇ મોલીયા અને માધુભાઈ પાંભર વિનંતી કરે છે.

કોમર્સ વિદ્યાશાખાની રજિસ્ટર ગ્રેજ્યુએટની બેઠક માટે ભરતસિંહ જાડેજાએ ફોર્મ ભર્યું

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

સૌરાષ્ટ્ર યુનિ.ની કોમર્સ અને સાયન્સ વિદ્યાશાખાની આગામી તા. ૨૪ના યોજનારી ચૂંટણી માટે સૌરાષ્ટ્ર યુનિ.માં વાજતે-ગાજતે નામાંકનપત્રો ભર્યા હતા. જેમાં કોમર્સની રજિસ્ટર ગ્રેજયુએટ શાખાના બેઠક પર ભરતસિંહ જાડેજાએ પોતાનું ઉમેદવારી ટેકેદારોની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે રજુ કર્યુ હતું.

આ તકે યુવા આગેવાન ડો. પરેશ રબારી, સેનેટ મેમ્બર ડો. રેખાબા જાડેજા, કોર્પોરેટર નીરૂભા વાઘેલા, રાજેશ્રીબેન ડોડીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા (વાવડી), યોગેન્દ્રસિંહ જાડેજા, વોર્ડ નં.૧૨ના ભાજપના અગ્રણી યોગરાજસિંહ જાડેજા, રત્નદીપસિંહ જાડેજા, અજયસિંહ વાઘેલા, સમાજ અગ્રણીઓ સર્વશ્રી ટીકુભા જાડેજા, દિલીપસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા, પ્રતિપાલસિંહ ગોહિલ, સત્યસિંહ જાડેજા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

જયારે આપની વિદ્યાર્થી પાંખના સુરજ બગડાએ સેનેટની કોમર્સ વિદ્યાશાખાની બેઠક પર અને અંકુર રાણપરીયાએ સાયન્સ વિદ્યાશાખાની સેનેટની બેઠક પર ઉમેદવારી ફોર્મ ભરયા હતા.

આપના વિદ્યાર્થી પાંખના આ ઉમેદવારોના ટેકામાં યુવા આગેવાન યુવરાજસિંહ જાડેજા, શિક્ષણ સેલના પ્રમુખ જીતુભાઇ ઉપાધ્યાય, પ્રદેશ ટ્રેડ વિંગ પ્રમુખ શિવલાલ પટેલ, પ્રદેશ મંત્રી અજીતભાઇ લોખીલ, પ્રદેશ મંત્રી ઇન્દુભા રાઓલ, રાહુલભાઇ ભુવા, દિનેશભાઇ જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ ખાતે "GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ"ની ફાળવણી કરાઈ

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજૂઆત

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૫

રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ ખુબ જ મોટી સંખ્યામાં વેપાર-ઉદ્યોગકારો કાર્યરત છે. ત્યારે **GST** અંતર્ગત તેઓને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ લાવવા માટે રાજકોટ ચેમ્બર દ્વારા અવિરત પ્રયાસો કરેલ છે. **GST** ના અમલીકરણ પછી અપીલના કેસો વધવા પામશે તે બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૧૯ થી સરકાર સમક્ષ રાજકોટ ખાતે **GST** અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના કરવા રજુઆત કરાયેલ હતી. તેમજ સરકારના પ્રયાસો થકી ભારત સરકાર દ્વારા નોટીફીકેશનનં. **SO**- ૩૦૦૯ તા.૨૧-૦૮-૨૦૧૯ થી રાજકોટ ખાતે **GST** અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ જાહેર કરવામાં આવેલ હતી. પરંતુ કોઈ કારણોસર **GST** અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના થઈ નથી અથવા કાર્યરત નથી. રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોને અપીલને લગતા કેસો માટે ગાંધીનગર કે અમદાવાદ સુધીના લાંબા ધક્કા ખાવા પડે છે તેમજ આર્થિક નુકશાન પણ ભોગવવું પડી રહયું છે. આમ તેઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતે **GST** અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની તાત્કાલીક સ્થાપના કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ હતી.

જે રજુઆતના ફળસ્વરૂપે ભારત સરકારના નોટીફિકેશનનં. **SO-4073(E)** તા.૧૪-૯-૨૦૨૩થી રાજકોટ ખાતે "**GST** અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ" ની ફાળવણી કરવામાં આવેલ છે. જેનાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોને અપીલને લગતા કેસો માટે હવે ગાંધીનગર કે અમદાવાદ સુધી ધકકા ખાવા નહી પડે. આમ રાજકોટ ચેમ્બરની રજુઆતનો સ્વીકાર કરવા બદલ સરકારનો સહદય આભાર વ્યકત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની યાદીમાં જણાવેલ છે.

જીવનનગરમાં મેયર સહીત પદાધિકારીઓનું સન્માન થશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૫

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે આજે સાંજે નવનિયુકત પદાધિકારીઓનો સન્માન સમારોહ પ્રયોજવામાં આવેલ છે. અમાસ નિમિત્તે રહીશો માટે સામુહિક ફરાળનું આયોજન કરવામાં આવેલ છે.

મહાનગરપાલિકામાં નવનિયુકત પદાધિકારીઓમાં મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. કમિટી ચેરમેન જૈમીનભાઈ ઠાકર, દંડક મનિષભાઈ રાડીયા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવનું વિશિષ્ઠ સન્માન થશે. આ પ્રસંગે વોર્ડના નગરસેવકો નિરૂભા વાઘેલા, જયોત્સનાબેન ટીલાળા, ડૉ. રાજેશ્રીબેન ડોડીયા, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, શહેર ભાજપ મંત્રી હરેશભાઈ કાનાણી, વિજયભાઈ પાડલીયા, વોર્ડ મહામંત્રી રત્નદિપસિંહ જાડેજા, મેહુલભાઈ નથવાણી સહિત આગેવાનો હાજર રહેવાના છે.

સમિતિના પ્રમુખ-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સમિતિ છેલ્લા ૪૦ વર્ષથી અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. રહીશોને પદાધિકારીઓનો પરિચય સાથે સન્માન સમારોહ યોજેલ છે. રહીશો માટે સામુહિક ફરાળનું આયોજન કરવામાં આવેલ છે. સાંજે સાડા છ કલાકે મહાદેવધામ, જીવનનગર શેરી નં. ૪ ખાતે રહીશોએ હાજરી આપવી.

સમિતિના વિનોદરાય ભટ્ટ, મુકેશભાઈ પોપટ, અનંતભાઈ ગોહેલ, વિજયભાઈ જોબનપુત્રા, વિનુભાઈ ઉપાધ્યાય, અંકલેશ ગોહિલ,પંકજભાઈ મહેતા, પાર્થ ગોહેલ, ગોવિંદભાઈ ગોહેલ, શૈલેષભાઈ પુજારા, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, યોગીતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડીયા, ભારતીબેન ગંગદેવ, અલ્કાબેન પંડયા, જયોતિબેન પુજારા, હર્ષાબેન પંડયા, આશાબેન મજેઠીયા, ભારતીબેન રાવલ, પ્રફુલ્લાબેન બોરીચા, ભાબેન ગોહેલ સહિત બહેનો સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટ શહેર-જીલ્લાના અભ્યાસ કરતા અનુ-જાતિના હજારો વિદ્યાર્થીઓ ગ્રાન્ટના અભાવે શિષ્યવૃતિથી વંચિત

મંત્રી ભાનુબેન બાબરીયાને રજૂઆત કરતા અનિલ મકવાણા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૫

અનીલભાઈ મકવાણા એ મંત્રી ભાનુબેન બાબરીયાને પત્ર પાઠવી રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યું છે. કે, છેલ્લા ઘણા સમયથી રાજકોટ શહેર તેમજ જીલ્લાના અનુ.જાતિના અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને ઘણા લાંબા સમયથી મળવા પાત્ર શિષ્યવૃતી તેમના ખાતામાં જમા કરવામાં આવતી નથી. જેથી કરીને અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે જે શિષ્યવૃતી મળવાની હોય છે તેમાંથી વિદ્યાર્થીઓ દ્વારા સ્કુલમાં ફી ભરવાની હોય છે. અને સ્કુલ સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ફીની ઉઘરાણી કરતા હોય છે અને શિષ્યવૃતીના ફોમ ઓનલાઈન ભરીને બેંકમાં ખાતા ખોલાવી આધારકાર્ડ લીંક કરવા છતા અને ઘણો સમય વિતવા છતાં અને શિષ્યવૃર્તી બાબતે રાજકોટ શહેર સમાજ કલ્યાણ અધિકારીને રજુઆત કરતા તેમના દ્વારા પણ વાલીઓને નાંણા વિભાગ દ્વારા અમારી પણ ઘણાં લાંબા સમયથી વખતો વખતની લેખીત તેમજ મૌખીક રજુઆત કરવા છતા નાંણા વિભાગ દ્વારા હજુ સુધી અમોને અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટેની ગ્રાંન્ટ નાંણા વિભાગ દ્વારા ફાળવવામાં આવતી નથી તે પ્રકારના જવાબો વાલીઓને સમાજ કલ્યાણ અધિકારીશ્રી રાજકોટ દ્વારા આપવામાં આવી

રહ્યા છે.મંત્રી ભાનુમતીબેન બાબરીયા આ બાબતે આપના દ્વારા યોગ્ય પગલા લઈ આપના માધ્યમથી પણ નાંણા વિભાગને રજુઆત કરી અનુ.જાતિના વિદ્યાર્થીઓને ગ્રાંન્ટની ફાળવણી કરવામાં આવે જેથી કરીને નાંણાના અભાવે અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તેવી વિનંતી સાથે.

સરકારી તમામ શાળાઓમાં કાયમી નિમણુંક કરો

પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ શક્તિસિંહ ગોહિલની માંગ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૧૫

ગુજરાતનાં યુવાનોનું આર્થિક શોષણ કરતી ગેરબંધારણીય-ગેરકાયદેસર કરાર આધારિત, જ્ઞાન સહાયક યોજના રદ કરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ચાણક્યએ કહ્યું હતું કે, ઉત્તમ શિક્ષણ વગર ઉત્તમ રાષ્ટ્ર સંભવ નથી ત્યારે રાજ્યનો શિક્ષણ વિભાગ જે રીતે એક પછી એક પગલા/યોજના જાહેર કરીને શિક્ષણ વ્યવસ્થા સુધારાને બદલે વધુ નુકસાનકારક થઈ રહી છે. ગુજરાતની રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં સત્વરે કાયમી શિક્ષકોની નિમણુંક કરવામાં આવે અને ગેરબંધારણીય-ગેરકાયદેસર કરાર આધારિત, ગુજરાતનાં યુવાનોનું આર્થિક શોષણ કરતી જ્ઞાન સહાયક યોજના રદ કરવામાં આવે. રાજ્યની ભાજપ સરકાર ૩૮૦૦૦ સરકારી શાળાઓમાંથી ૫૬૧૨ સરકારી શાળાને ઓછી સંખ્યાનાં નામે મર્જ/બંધ કરવાનું પાપ કરી રહી છે. ભાજપ સરકારમાં ૩૨ હજાર શિક્ષકોની લાંબા સમયની જગ્યાઓ ખાલી છે. ૩૮ હજાર વર્ગખંડોની મોટા પાયે ઘટ છે. ગુજરાતનાં ૩૩ જિલ્લાની૧૬૫૭ સરકારી શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ૧૪,૬૫૨ શાળા એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણનાં વિદ્યાર્થીઓને ભણવા માટે મજબુર થવું પડે છે, શું આ રીતે ભણશે ગુજરાત ? રાજ્યમાં ૩૨૦૦૦ કરતાં વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. બીજી તરફ, ટેટ-ટાટ પાસ થયેલ ૫૦,૦૦૦ હજાર જેટલા ગુજરાતનાં યુવાન-યુવતીઓ કાયમી ભરતીનાં સ્વપન જોઈ રહ્યા છે. પણ સરકારે કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી જાહેર કરવું કેટલા અંશે વ્યાજબી ? તાજેતરમાં રાજ્યનાં ઉચ્ચ સનદી અધિકારીએ શિક્ષણની સ્થિતિ અંગે ગંભીર પરિસ્થિતિ સરકારને ધ્યાને મુકી હતી. ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓછી ફીનાં કારણે ગરીબ, સામાન્ય, મધ્ય વર્ગનાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતાં હોય છે. તેમને શિક્ષકો વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે. જે ઘણી જ ગંભીર બાબત છે. કચ્છ, અમદાવાદ, રાજકોટ, બનાસકાંઠા, તાપી, મહિસાગર અને દેવભૂમિ દ્વારકા મોખરે છે. પૂર્વ પટ્ટી, આદિવાસી વિસ્તારમાં ૩૫૩ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ત્યારે ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાનાં વ્યાપક હિત માટે જ્ઞાન સહાયક યોજના તાત્કાલિક રદ કરીને કાયમી શિક્ષકોની ભરતી કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે રાજ્યનાં મુખ્યમંત્રી-શિક્ષણમંત્રીને પત્ર લખી માંગ કરી છે.

પત્રકાર દ્વારા પૂંછાયેલા પ્રશ્નનાં જવાબ આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોઈપણ ચૂંટાયેલ સભ્ય પક્ષની શિસ્તમાં ન રહે, પક્ષ વિરૂધ્ધ મતદાન કરે તો તેનાં માટે ચોક્કસ કાયદાકીય જોગવાઈઓ છે તે અંતર્ગત પગલા લેવામાં આવશે. કયાંય પણ પક્ષ વિરૂધ્ધની ઈરાદાપૂર્વકની કામગીરી હશે તો ચોક્કસ પગલા લેવામાં આવશે. પરંતુ જો કોઈ વ્યક્તિ ખુલાશો કરશે અને આગામી દિવસોમાંપક્ષની શિસ્તને વળગીને રહેશે તો તેમનાં માટે પુનઃ વિચારણા કરવામાં આવશે.

તાલુકા પંચાયતની ચૂંટણીમાં ક્રોસ વોટીંગ કરનાર ૩૪ સભ્યો ૬ વર્ષ માટે સસ્પેન્ડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫: તાજેતરમાં તાલુકા પંચાયતની અઢી વર્ષની મુદત પૂરી થયા બાદ પ્રમુખ,ઉપપ્રમુખની ચૂંટણી માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા અપાયેલા આદેશનું ઉલ્લંઘન કરીને ક્રોસ વોટીંગ કરનાર ૩૪ સભ્યોને તાત્કાલિક અસરથી છ વર્ષ માટે કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે નિર્ણય કરેલ છે. કોંગ્રેસ પક્ષના આદેશનું ઉલ્લંઘન કરનાર વિવિધ તાલુકા પંચાયતમાં ગારીયાધાર, કલોલ, અબડાસા, લખતર, સરસ્વતી, સિધ્ધપુર, વિસનગર, નડિયાદ, માતર, મહુવાના સભ્યોનો સમાવેશ થાય છે ગુજરાતની વિવિધ તાલુકા પંચાયતમાં પક્ષના આદેશ વિરુદ્ધ ગેરહાજર રહેનાર નવ સભ્યોને પણ પક્ષ તરફથી તાત્કાલિક નોટિસ આપીને ખુલાસો માંગવામાં આવ્યો છે.

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩ અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા વન ડે ટુ વોર્ડ સફાઈ ઝુંબેશનો પ્રારંભ

આજે વોર્ડ નં.૧ અને ૨માં સ્વચ્છતા ઝુંબેશની કામગીરી કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

૨જી ઓક્ટોમ્બર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમીતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટે જન આંદોલનની ઉજવણી કરવામાં આવે તેમજ આ દિવસને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સ્વચ્છ ભારત દિવસ-૨૦૨૩ની પ્રસ્તાવના તરીકે સ્વચ્છતા હી સેવાના પખવાડીયાનું આયોજન આજથી તા.૨/૧૦ સુધી કરવામાં આવેલ છે. જેમાં, વન ડે ટુ વોર્ડ એટલે કે એક દિવસે બે વોર્ડમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. આ સ્વચ્છતા ઝુંબેશમાં વોર્ડ વાઈઝ આવતા જાહેર સ્થળો જેવા કે, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, પર્યટન સ્થળો, બગીચાઓ, ઐતિહાસિક સ્મારકો, હેરિટેજ સ્થળો વગેરે સ્થળોએ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. સ્વચ્છતા ઝુંબેશની સાથોસાથ વોર્ડમાં મચ્છર ઉત્પતિવાળા સ્થળોએ ફોગીંગ, મચ્છરના પોરાનો નાશ કરવો, પાણી ભરેલા પાત્રો હોય તો પોરાભક્ષક ગપ્પી માછલી મુકવાની કામગીરી, ડ્રેનેજ સફાઈ તેમજ વૃક્ષારોપણની કામગીરી પણ કરવામાં આવનાર છે. જે અંતર્ગત આજે વોર્ડ નં.૧ અને વોર્ડ નં.૨માં સ્વચ્છતા ઝુંબેશની કામગીરી કરવામાં આવી.

આ સ્વચ્છતા હી સેવા પખવાડીયાનો શુભારંભ આજે વોર્ડ નં.૧ અને ૨માં કરવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં.૨માં મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજા, શહેર ભાજપ મહામંત્રી માધવભાઈ દવે, સેનિટેશન સમિતિ ચેરમેન નિલેશભાઈ જલુ, વાઈસ ચેરમેન સંજયસિંહ રાણા, નાયબ કમિશનર ચેતન નંદાણી, પર્યાવરણ ઈજનેર નિલેશભાઈ પરમાર, નાયબ પર્યાવરણ ઈજનેર વલ્લભભાઈ જાંજાળા, ગાર્ડન વિભાગના ડાયરેક્ટર એલ.જે.ચૌહાણ, મેલેરિયા વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, વોર્ડ પ્રભારી કુલદીપસિંહ જાડેજા, વોર્ડ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ મહામંત્રી ભાવેશભાઈ ટોયટા, કૌશિકભાઈ અઢીયા તથા વોર્ડ આગેવાનો બાબુભાઈ પટેલ, અજયસિંહ જાડેજા, જયંતિભાઈ બુધેલીયા, જે.ડી.ઉપાધ્યાય, રાજેન્દ્રસિંહ રાણા, અંકિતભાઈ લાખાણી, જયરાજસિંહ જાડેજા, દિપાબેન કાચા, જસુમતીબેન વસાણી, દેવયાનીબેન રાવલ, પલ્લવીબેન ચૌહાણ, ભાવનાબેન ચતવાણી, અમીબેન પારેખ, ભારતીબેન પંડ્યા વગેરે ઉપસ્થિત રહેલ.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

કાલે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મીટીંગઃ કુલ ૪૭ દરખાસ્તો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મીટીંગ આવતીકાલે તા.૧૬-૯ ને સવારે ૧૧ કલાકે રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ માળે આવેલ સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવેલ છે. કુલ ૪૭ દરખાસ્તો મુકવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં જુદા-જુદા પ્રકારના ભયગ્રસ્ત મકાનોનું નિરીક્ષણ અને તેનો અહેવાલ આપવા માટે સ્ટ્રકચર એન્જીનીયરની નિમણુંક કરવા અંગે નિર્ણય લેવાશે. સ્માર્ટ સીટી એરીયામાં લાઈટ હાઉસ ખાતે નવનિર્મિત હોલની ડિપોઝીટ અને ભાડાના દર નિયત કરવા અંગે નિર્ણય લેવાશે. વોર્ડ નં.૧૮ માં રાધેશ્યામ એવન્યુ, સુખદેવ સોસાયટી, સોમનાથ સોસાયટી, શિવાલય સાનિધ્ય, નીલકંઠ ઈન્ડસ્ટ્રીઝ, સુભમ પાર્ક, સત્યમ પાર્ક તથા વિગેરે સોસાયટીમાં અમૃત ૨.૦ અંતર્ગત ડી.આઈ. પાઈપલાઈન નાખવાના કામ અંગે નિર્ણય લેવાશે.

શહેરની ૧૩ હોસ્પિટલના ડોકટર અને નર્સિંગ સ્ટાફને તથા સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેરની વિવિધ હોસ્પિટલો જેવી કે મા શારદા ચિલ્ડ્રન કેર હોસ્પિટલ, સુર્યમુખી હનુમાન મંદિર પાસે, નાનામવા રોડ સન્માન મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ, સુર્યમુખી હનુમાન મંદિર પાસે, નાનામવા રોડ સૌરાષ્ટ્ર ચિલ્ડ્રન હોસ્પિટલ, રાજનગર ચોક પાસે, વિરલ હોસ્પિટલ, રાજશ્રી બજાજ શો રૂમની બાજુમા, ગોંડલ રોડ, બેકબોન મેડીસીટી એડવાન્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, ટવીન સ્ટાર બિલ્ડીંગની પાછળ, સાવલીયા હોસ્પિટલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ બાલાજી હોલ પાછળ, સીજીસ હોસ્પિટલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ બાલાજી હોલ વાળી શેરીમાં મિરેકલ ડોક્ટર હાઉસ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મહેશ્રી હોસ્પિટલ, પુનિત નગર ૮૦ ફુટ રોડ, સર્વોદય સ્કૂલ પાસે, આયુષ્માન હોસ્પિટલ, પુનિત નગર ૮૦ ફુટ રોડ મવડી, શિવ હોસ્પિટલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ બાલાજી હોલ પાસે, શ્રી ધર્મજીવનદાસ હોસ્પિટલ, ગોંડલ રોડ રેલવે ફાટક પાસે, મેડીકેર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ ઓમનગર, BRTS સ્ટોપ પાસે, તથા હાઇરાઇઝ બિલ્ડીંગ (૧) આઇકોન પ્લેટીનિયમ - C, બી.ટી.સવાણી હોસ્પિટલ સામે, યુનિ.રોડ, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલ અને તાલીમનુ આયોજન કરવામા આવેલ હતું. ઉપરોકત મોકડ્રીલ દરમ્યાન હાઇરાઇઝ બિલ્ડીંગ - ૪૦ રહેવાસીઓ તથા વિવિધ હોસ્પિટલોમા ડોકટર તથા નર્સીંગ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફને કુલ - ૧૮૩ ને હોસ્પિટલ તથા હાઇરાઇઝ બિલ્ડીંગમા આગ લાગે ત્યારે શુ કરવું અને શુ ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેના સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુશરનો ઉપયોગ કેવી રીતે કરવો અને દર્દીઓ રહેવાસીઓને કઇ રીતે બચાવવા તે અંગે મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ.

પીએચ.ડી. થયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

મારવાડી યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર મુનીન્દ્ર હસમુખભાઈ લુણાગરીયાએ કોવિડ-૧૯, ન્યુમોનીયા ડીટેકશન ફ્રોમ એક્ષરે ઈમેજીસ યુઝીંગ ડીપ ફીચર એકસટ્રેકશન એન્ડ એકસજી બુસ્ટ વિષય ઉપર મહાનિબંધ ડો.વિજય કાટકર અને ડો.કૃણાલ વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ તથા ડો.આર.બી.જોડેજા ડીન ઓફ રીસર્ચના સહયોગથી પીએચ.ડી. માટે થીસીસ તૈયાર કરેલ જે બદલ મારવાડી યુનિવર્સિટી તરફથી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવેલ છે.

નવનિર્મિત શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલય ખાતે પર્યુષણ પર્વની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેન વિજયજીના દિવ્ય આશિષ, આશીર્વાદ દાતા પ.પૂ.આચાર્ય શ્રી મનમોહન સૂરિશ્વરજી મહારાજ તથા પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી હેમપ્રભ સૂરિશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા તથા પૂ. સાધ્વીજી ભગવંત ભાવવર્ધનાશ્રીજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.સાધ્વીજી ભગવંત વિવેકવર્ધનાશ્રીજી મહારાજ તથા પૂ.સાધ્વીજી ભગવંત દિવ્યવર્ધનાશ્રીજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં શ્રી આનંદ મંગલ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન

શ્રી જીરાવલા સંઘમાં અનેરો ઉત્સાહ, મહાવીર જન્મકલ્યાણની ભવ્ય ઉજવણી કરાશે

સંઘના ઉપક્રમે નૂતન જિનાલય શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલય, જીરાવલા ચોક, પાટીદાર ચોક પાસે, સાધુવાસવાણી રોડ, રાજકોટ ખાતે પર્યુષણ પર્વની ભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. આગામી મહાવીર જન્મ કલ્યાણકની પણ તા.૧૬/૯ ના રોજ સવારે ૯ કલાકથી, કવિ શ્રી અમૃત ઘાયલ હોલ, એસ.એન.કે. સ્કૂલ પાસે, આકાશવાણી ચોક, રાજકોટ ખાતે ભવ્યાતિભવ્ય ઉજવણી થશે, ભગવાન મહાવીર સ્વામીની માતાને આવેલ ચૌદ સ્વપનોની ઉછામણી અને તેના લાભનો સોનેરી અવસર શ્રી સંઘના સભ્યોને મળશે. કાર્યક્રમ સવારે ૯ કલાકે શરૂ થઈ જશે ત્યારબાદ સમસ્ત જીરાવલા શ્રી સંઘના સભ્યો માટેનું સ્વામી વાત્સલ્ય (સંઘજમણ) નું આયોજન હાથ ધરાયું છે. દરરોજ સવારે દર્શનાર્થીઓને પ્રભાવના, પ્રભુજીની સુંદર આંગી, પૂ. સાધ્વીજી ભગવંતના શ્રીમુખેથી વ્યાખ્યાન, પ્રશ્નોતરી સ્પર્ધા, અને વિવિધ ધર્મઆરાધનાઓ, પ્રતિક્રમણ અને રાત્રે ૯ કલાકે ભાવના તથા આરતી-મંગળદિવો સહિતની ધર્મઆરાધનાઓ થઈ રહી છે. દર ગુરૂવારે ચમત્કારિક દેવ શ્રી માણિભદ્ર દાદાને પાંચ શ્રીફળનો હાર તથા સુખડી અને દર બેસતા મહિને શ્રીફળ સુખડી અને પદ્માવત માતાને સફેદ પેંડા ઘરાવવાનો લાભ પણ શ્રી સંઘના શ્રાવકો દ્વારા લેવામાં આવે છે. પર્યુષણ સિવાયના દિવસોમાં સાંજે ૭.૩૦ કલાકે આરતી થાય છે. સાથે જ દરરોજ સાંજે પાઠશાળા પણ ચાલે છે જેમાં પણ બાળકો મોટી સંખ્યામાં લાભ લે છે. શ્રી સંઘમાં છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, ઉપવાસ, એકાસણુ, બિયાસણું, જેવી ઉગ્ર તપઆરાધનોઓ પણ નાના બાળકથી લઈ વડિલ સુધી થઈ રહી છે. વિવિધ ધર્મઆરાધનાઓમાં નામી અનામી દાતાશ્રીઓનો પણ સુંદર સહયોગ મળી રહ્યો છે. શ્રી સંઘ સ્વામિવાત્સલયમાં પણ વિવિધ દાતાશ્રીઓએ સહયોગ આપેલ છે તે દરેક દાતા પરિવારની શ્રી સંઘ ભાવભીની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

ઉપરોકત ધર્મઆરાધનાઓમાં જીરાવલા પાર્શ્વનાથ જિનાલયના પ્રમુખ શ્રી દિલીપભાઈ દેસાઈ તથા સમસ્ત ટ્રસ્ટીગણ, વિવિધ મંડળના બહેનો, પાઠશાળાના ટીચર, આંગી ગ્રુપ, યુવક મંડળના ભાઈઓ-બહેનો તથા સકળ સંઘનો સુંદર સહયોગ મળી રહ્યો છે. તમામ તપસ્વીરત્નોની તપસ્યા સુખ-સાતાકૂપ પૂર્ણ થાય તેવી અનુમોદના સાથે શ્રી જીરાવલા સંઘના તમામ શ્રાવકોને વધુને વધુ ધર્મકાર્યોમાં જોડાવા સમસ્ત ટ્રસ્ટીગણે વિનંતી કરેલ છે.

તો ખરા....

અપરાધ મારો, મને જણાવો તો ખરા, ગુન્હાની શું છે સજા, બતાવો તો ખરા. બસ એમ કૈં સાંભળ્યા વગર દેશો સજા? વિશ્વાસનાં શ્વાસને ટકાવો તો ખરા. નાજુક કળીઓ નથી સલામત બાગમાં. ગુલશન તણી શાનને બચાવો તો ખરા. છે કેટલાં દોડવીર એ મહત્વ નથી, સ્પર્ધા ખરા પ્રેમથી કરાવો તો ખરા. આ જિંદગીની રમત અનોખી છે સખા,કે હારને પણ કદી પચાવો તો ખરા.

વનિતા રાઠોડ
રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક
આચાર્ય, શાળા નં ૯૩, રાજકોટ
મો. ૮૧૫૫૦૫૦૧૦૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની

૩૫ મી સાધારણ સભા અને નિવૃત સભાસદોનો સન્માન સમારોહ યોજાયો

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુકત કુલ સચીવ ડો.હરીશ રૂપારેલીયા ઉપસ્થિત રહ્યા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

સંપ, સેવા અને સહકારની ભાવનાથી ચાલતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી છત્રીસ વર્ષથી અવિરત કાર્ય કરી રહી છે. આ મંડળીની પાંત્રીસમી વાર્ષિક સાધારણસભા તા.૧૩/૯ ને બુધવારના રોજ સાંજે ૪ કલાકે આંકડાશાસ્ત્ર ભવનના સેમીનાર હોલમાં મળી હતી. પાત્રીસમી સાધારણ સભાની સાથોસાથ નિવૃત અધ્યાપકોનો અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ગીરીશભાઈ ભીમાણીના અધ્યક્ષ સ્થાને અને ઈફકોના ચેરમેન, દિલીપભાઈ સંઘાણીની મુખ્ય અતિથિ તરીકેની ઉપસ્થિતીમાં યોજાયો. જયારે અતિથી વિશેષ તરીકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવનિયુક્ત કુલસચીવ ડો. હરીશભાઈ રૂપારેલીઆ ઉપસ્થિત રહ્યાં હતા.

આ તકે મંડળીના સ્થાપક અને પૂર્વ પ્રમુખ પ્રો.યુ.વી. મણવર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકો પૈકીના પ્રો. હિરેનભાઈ જોષી, પૂર્વ અધ્યક્ષ ભૌતિક શાસ્ત્ર ભવન, અને પ્રો.અનસુયાબેન ચોથાણી, પૂર્વ અધ્યક્ષ ઈતિહાસ ભવનનું ગરિમાપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે નવા જોડાયેલા ૧૨ અધ્યાપકોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. નવનિયુકત અધ્યાપકોને આ સહકારી સંસ્થાની કાર્યપ્રણાલીથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

શાબ્દિક સ્વાગત કરતા મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયાએ કુલપતિ પ્રો. ગિરિશભાઈ ભીમાણી અને ઈફકો, એન.સી.યુ.આઈ., અને ગુજકોમાશોલના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીને આવકારતા જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન, વાણિજ્ય અને કાયદા જેવી ત્રણ ત્રણ મહત્વની વિદ્યાશાખાના સ્નાતક એવા ભૂમિપુત્ર દિલીપભાઈ સંઘાણી એન. સી.યુ.આઈ., ઈફકો અને ગુજકોમાશોલ જેવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતનામ સહકારી સંસ્થાઓના અધ્યક્ષ બને તે આપણાં સૌ માટે ગૌરવપ્રદ ઘટના છે. સન્માનિત પ્રાધ્યાપકો પ્રો. હિરેન જોશી અને પ્રો. અનસુયાબેન ચોથાણીએ આ સહકારી સંસ્થાની સેવાઓને બિરદાવી હતી.

પ્રાસંગિક ઉદબોધન કરતા મુખ્ય મહેમાન દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું કે વિશ્વકક્ષાએ જેમની લોકપ્રિયતા ટોચ પર છે એવા આપણાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી થઈ રહી હતી ત્યારે દેશમાં પ્રથમ વખત અલગથી સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે. સહકાર ક્ષેત્રથી પરિચિત અને અનુભવી અમિતભાઈ શાહ દેશના પ્રથમ સહકાર મંત્રી તરીકે કામગીરી જોઈ રહ્યા છે.નવા સહકાર મંત્રાલયની રચના બાદ સરકાર સહકાર યુનિવર્સિટી પણ બનાવવાની યોજના તરફ મક્કમ રીતે આગળ વધી રહી છે. નવા સહકાર મંત્રાલયની રચના બાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજી એ સહકારથી સમૃદ્ધિનું સૂત્ર આપ્યું છે. જેને સાકાર કરવા માટે દેશ-પ્રદેશની તમામ સહકારી સંસ્થાઓ જોડાઈ ગઈ છે. કોરોના મહામારીના સમયે પણ સહકારી સંસ્થાઓએ પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ આબેહૂબ નિભાવ્યું છે. દેશના છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાના લાભો અને તેમને મળવાપાત્ર સહાય મળે તે માટે અમે કટિબદ્ધ છીએ. એન.સી. યુ.આઈ એટલેકે નેશનલ કો. ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાના માધ્યમથી દેશના દરેક ગામ તાલુકા અને નગર સુધીની સહકારી સંસ્થાઓ સહકારથી સમૃદ્ધિ સંકલ્પ સિદ્ધ કરવા માટે કામ કરી રહી છે. દિલીપભાઈ સંઘાણીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પણ સહકારના ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલુ કરે તેવી ટકોર કરી હતી અને આ બાબત પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સત્તાધીશોના વિચારાધીન છે.

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતા કુલપતિ ડો. ગિરીશભાઈ ભીમાણીએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીમાં કાર્યરત આ સહકારી મંડળીનો લાભ અનેક અધ્યાપકોએ લીધો જેમાં એક હું પણ હતો. આ મંડળી પોતાના સૂત્રને સાર્થક કરે છે. અધ્યાપકોને પણ એક પ્રકારની માનસિક શાંતિ છે કે આ સહકારી મંડળી છે તો આપણને ક્યારેય આર્થિક સમસ્યાઓ નહિ થાય. કોરોના સમયમાં પણ અધ્યાપકોને જરૂરી સહાય મંડળી દ્વારા તાત્કાલિક ધોરણે મળી એ આવકારદાયક છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના વર્તમાન પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ ડો.જે.એ. ભાલોડીયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો.યોગેશભાઈ જોગસણ, ખજાનચી ડો.રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો પ્રો.સંજય ભાઈ ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રો.નિકેશભાઈ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો.મનીષભાઈ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી અને ડો.ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહમંત્રી ડો. યોગેશ જોગસણ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ઉપપ્રમુખ ડો.જયંત ભાલોડિયા દ્વારા કરવામાં આવી હતી.

ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, પૂર્વ પ્રમુખ ભરતભાઈ મહેતા, પૂર્વ પ્રમુખ પ્રો. ગિરિશભાઈ ત્રિવેદી અને આ સહકારી મંડળીના પૂર્વ ખજાનચી ડો.વર્ષાબેન ત્રિવેદી (અમેરિકા) એ કાર્યક્રમને સફળતા ઈચ્છતા સંદેશા મોકલાવ્યા હતા.

રાજકોટ સ્થિત હાઇ-ગ્રીન કાર્બનનો આઈપીઓ ૨૧ સપ્ટેમ્બરે ખૂલશે, પ્રતિ ઇક્વિટી શેર રૂ. ૭૧-૭૫ પ્રાઇઝ બેન્ડ જાહેર કર્યો

(તસવીરઃ પંકજ ડાભી)

ઈશ્યૂ દ્વારા રૂ. ૫૩ કરોડ ઊભા કરવાની આશા : એન્કર બુક ૨૦ સપ્ટેમ્બરે ખૂલશે અને ૨૫ સપ્ટેમ્બરે બંધ થશે

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ સ્થિત રાધે ગ્રૂપ ઓફ એનજીર્નો ફ્લેગશીપ કંપની હાઇ-ગ્રીન કાર્બન લિમિટેડે તેના આગામી આઇપીઓ માટે પ્રતિ ઇક્વિટી શેર રૂ. ૭૧-૭૫ પ્રાઇઝ બેન્ડની જાહેરાત કરી છે, જે એનએસઇ ઇમર્જ ઉપર લિસ્ટ થશે. કંપનીનો આઇપીઓ ૨૧ સપ્ટેમ્બર, ગુરૂવારના રોજ ખૂલશે અને સોમવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બંધ થશે. એન્કર પોર્શન બુધવારે, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ખૂલશે. કંપની અપર પ્રાઇઝ બેન્ડ ઉપર આશરે રૂ. ૫૨.૮૦ કરોડ ઊભા કરશે.

કંપની બુક-બિલ્ડિંગ રૂટથી ૭૦.૪૦ લાખ ઇક્વિટી શેર્સ (પ્રતિ શેર મૂળ કિંમત રૂ. ૧૦) ઓફર કરશે, જેમાં ૫૯.૯૦ લાખ ઇક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂ અને ૧૦.૫૦ લાખ ઇક્વિટી શેર્સના ઓફર ફોર સેલ સામેલ છે. એન્કર પોર્શનમાં ૧૯.૮૪ લાખ ઇક્વિટી શેર્સ સામેલ છે, જ્યારે કે માર્કેટ મેકર માટે ૪.૨૧ લાખ ઇક્વિટી શેર્સ છે. એનઆઇઆઇ, ક્યુઆઇબી અને રિટેઇલ હિસ્સો અનુક્રમે ૯.૯૪ લાખ, ૩૩.૦૭ લાખ અને ૨૩.૧૭ લાખ છે. લોટ સાઇઝ ૧૬૦૦ શેરનો છે. પ્રમોટર અને પ્રમોટર ગ્રૂપનું પ્રી-આઇપીઓ શેરહોલ્ડિંગ ૧૦૦ ટકા છે, જે ઇશ્યૂ બાદ ઘટીને ૭૧.૮૩ ટકા થઇ જશે.

બીલાઇન કેપિટલ એડવાઇઝર્સ પ્રાઇવેટ લિમિટેડ ઓફરના બુક-રનિંગ લીડ મેનેજર છે તથા લિંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ઓફરના રજીસ્ટ્રાર રહેશે. કંપનીના શેર્સ એનએસઇ ઇમર્જ ઉપર લિસ્ટ થશે.

હાઇ-ગ્રીન કાર્બન વેસ્ટ ટાયર રિસાઇકલિંગના બિઝનેસમાં કાર્યરત છે. તે ઉર્જા ઘટકો અને કાચો માલ પેદા કરવા માટે એન્ડ-ઓફ-લાઇફ ટાયર્સ (ઇએલટી) ટુકડાઓ ઉપર પ્રક્રિયા માટે સતત પાયરોલિસિસને અનુસરે છે. તેની મુખ્ય પ્રોડક્ટ્સમાં રો મટિરિયલ કેટેગરી હેઠળ રિકવર્ડ કાર્બન બ્લેક (આરસીબી) અને સ્ટીલ વાયર્સ, એનર્જી કોમ્પોનન્ટ્સ કેટેગરી હેઠળ ફ્યુઅલ ઓઇલ અને સિન્થેસિસ ગેસ સામેલ છે. ઉચ્ચ ઉર્જા કાર્યક્ષમ હોવા તરીકે કંપની સામાન્ય રીકે રો ગ્લાસ તરીકે ઓળખાતા સોડિયમ સિલિકેટના ઉત્પાદન માટે પાયરોલિસિસ પ્રક્રિયાની બાય-પ્રોડક્ટ તરીકે સિન્થેસિસ ગેસનો ઉપયોગ કરે છે. કંપની પાસે રાજસ્થાનના ભીલવાડામાં ૫૬,૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ૧૦૦ ટીપીડી મોર્ડન, એકીકૃત અને સંપૂર્ણ ઓટોમેટેડ ઉત્પાદન સુવિધા છે. કંપનીએ જુલાઇ ૨૦૨૩માં તેનું ડીઆરએચપી ફાઇલ કર્યું હતું.

૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ સમાપ્ત થયેલાં વર્ષ માટે હાઇ-ગ્રીન કાર્બને કુલ રૂ. ૭૯.૦૩ કરોડની આવક નોંધાવી છે, જે માર્ચ, ૨૦૨૨માં રૂ. ૫૧.૧૩ કરોડ હતી. ૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ સમાપ્ત થયેલાં વર્ષ માટે ચોખ્ખો નફો રૂ. ૧૦.૪૯ કરોડ નોંધાયો છે, જે ૩૧ માર્ચ, ૨૦૨૨ દરમિયાન રૂ. ૩.૬૮ કરોડ હતો.

કંપની પ્રારંભિક જાહેર ભરણામાંથી એકત્રિત ભંડોળનો ઉપયોગ મહારાષ્ટ્રના ધુલે જિલ્લામાં નવી સુવિધા સ્થાપવા માટે કરશે, જેની દૈનિક રિસાઇકલિંગ ક્ષમતા ૧૦૦ એમટી વેસ્ટ ટાયર્સ રહેશે. કંપનીએ પ્રોજેક્ટ માટે ૨૧,૫૦૦ ચોરસ મીટર જમીન પહેલેથી જ સંપાદિત કરી છે. નવો પ્રોજેક્ટ સ્થાપવા ઉપરાંત શેર્સના ફ્રેશ ઇશ્યૂમાંથી પ્રાપ્ત રકમનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરાશે.

હાઇ-ગ્રીન કાર્બન લિમિટેડ ગુજરાતના રાજકોટ સ્થિત રાધે ગ્રૂપ એનજીર્નો હિસ્સો છે તથા તેને વર્ષ ૨૦૧૧માં અમિતકુમાર હસમુખરાય ભાલોડી અને ડો. શૈલેષભાઇ માકડિયા પરિવાર દ્વારા પ્રમોટ કરાઇ હતી. પત્રકાર પરીષદમાં માહિતી આપી હતી.

ઉમિયા માતાજી સંસ્થાના દ્વારા રકતદાન અભિયાનનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

ઉમિયા માતાજી સંસ્થાન- રાજકોટ (ઉમિયાધામ- રાજકોટ)ના પ્રમુખ અરવિંદભાઈ પટેલ (ફિલ્ડમાર્શલ) અને સંગઠન ચેરમેન મનિષભાઈ ચાંગેલાની પ્રેરણાથી કાયમી ધોરણે શરૂ થયેલા રકતદાન અભિયાનના પ્રથમ રકતદાન કેમ્પમાં માત્ર ચાર કલાકમાં ૧૫૫ બોટલ રકતદાન થયું હતું. બોટાદ કડવા પાટીદાર સમાજના સક્રિય સહયોગથી યોજાયેલા આ પ્રથમ રકતદાન કેમ્પમાં બોટાદના કડવા પાટીદાર સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ માથોળીયાએ તમામ રકતદાતાને કીચનવેરની ભેટ તો આપી ઉપરાંત એક નવતર અને આવકાર્ય પહેલ તરીકે તમામ રકતદાતાને ગુલાબનાં રોપાનું નિ:શુલ્ક વિતરણ કરી પર્યાવરણ અને બાગાયતના જતન માટેની પ્રેરણા પણ આપી હતી. તમામ રકતદાતાને તેમના બ્લડ ગ્રુપની નોંધ સાથેનું પ્રમાણપત્ર પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા અપાયું હતું. તમામ રકતદાતા માટે ચા- કોફી ઉપરાંત અલ્પાહારની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ફિલ્ડમાર્શલ બ્લડ બેન્કે તમામ તબીબી વ્યવસ્થા સંભાળી હતી. કડવા પાટીદાર સમાજની પરંપરા અનુસાર રકતદાન કેમ્પનો પ્રારંભ કુળદેવી માં ઉમિયા સમક્ષ દીપ પ્રાગટય અને આરતીથી કરવામાં આવ્યો હતો. ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, સંગઠન ચેરમેન મનિષભાઈ ચાંગેલા, મંત્રી, કિશોરભાઈ ઘોડાસરા, સંસ્થાના ટ્રસ્ટી રમેશભાઈ ઘોડાસરા, ટ્રસ્ટી વસંતભાઈ ભાલોડીયા, ટ્રસ્ટી નાથાલાલ કાલરીયા, ટ્રસ્ટી જમનભાઈ ભલાણી, ટ્રસ્ટી વલ્લભભાઈ પટેલ, ટ્રસ્ટી પ્રભુદાસભાઈ કણસાગરા તેમજ પટેલ પ્રગતિ મંડળના ટ્રસ્ટી અમૃતલાલ ડઢાણીયા, ખજાનચી જગદીશભાઈ પટેલ, તેમજ ભગવાનજીભાઈ કનેરિયા અને મગનભાઈ વાછાણી જોડાયા હતા. તેમજ બોટાદ સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ માથોળીયા, ઉપપ્રમુખ વિપુલભાઈ દેલવાડીયા, મંત્રી થડોદા જીવણભાઈ, મહામંત્રી બાવળીયા કાન્તીભાઈ, ખજાનચી હરિપરા અરવિંદભાઈ પણ દીપ પ્રાગટયમાં જોડાયા હતા. સમગ્ર રકદાન કેમ્પની તબીબી વ્યવસ્થા ઉમિયા માતાજી સંસ્થાન (ઉમિયાધામ- રાજકોટ)ની આરોગ્ય ટીમના ડો.વિશાલ વાછાણી, ડો.વિજય વામજા, ડો.હરેશભાઈ આહીર, તેમજ પીયુષભાઈ કણસાગરા, વિનુભાઈ લાલકીયા અને જે.બી. માકડિયાએ સંભાળી હતી. રકતદાતાઓને અન્યુ સુવિધા- વ્યવસ્થા ઉમિયા માતાજી સંસ્થાનના યુવા સંગઠન પ્રમુખ ડેનિસ કાલરીયા અને મંત્રી વિજય ગોધાણીના નેતૃત્વમાં યુવા કાર્યકરો ઉપપ્રમુખ વિનુભાઈ ઈસોટીયા, પ્રવીણભાઈ મણવર સભ્ય, ચંદ્રેશભાઈ અઘેરા ઉપપ્રમુખ, સહમંત્રી પીન્ટુભાઈ વાછાણી, સહમંત્રી રસિકભાઈ ચીકાણી તથા તમામ કાર્યકર્તાઓએ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. મહિલા સંગઠન પ્રભારી વિજયાબેન વાછાણી, પ્રમુખ હેતલબેન કાલરીયા, ઉપપ્રમુખ હર્ષાબેન કાલરીયા, તેમજ ધ્રુવીબેન માંકડીયા, ગીતાબેન સાપરીયા, અંજુબેન કણસાગરા, શીલાબેન કાલરીયા, અલ્પાબેન કડીવાર, પુષ્પાબેન સાપરીયા અને નૂતનબેન સુરેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પધારેલ મહેમાનો ભાસ્કરભાઈ સુરેજા (અમેરીકા યુ.એસ.એ.), ડી.એન. હરીપરા (પી.આઈ.)નું સન્માન કરી સ્વાગત કરાયુ હતું. તેમ જણાવ્યું છે.

PACKAGINGHUB

प्रोडकट आपका,
सजावट हमारी ।

Hitesh Kakadia | 93777 75636

6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003

www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

પાટણવાવના ઓસમ ડુંગરે યોજાનાર લોકમેળામાં ઉમટશે માનવ મહેરામણ

અંદાજે ૨૦૦ વર્ષથી દર વર્ષે અહીં ભાદરવી અમાસે ભરાય છે લોકમેળોઃ પર્વતના ૫૮૫ પગથિયાંઃ યુવા સાહસિકો માટે દરવર્ષે યોજાય છે ઓસમ આરોહણ અવરોહણ સ્પર્ધા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ જિલ્લામાં આવેલા પર્વતો પર નજર કરીએ તો રાજકોટ જિલ્લાના છેવાડે ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે ઓસમ ડુંગર આવેલો છે. રાજય સરકારે આ ડુંગરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની મંજૂરી આપી હતી. જેથી આ સ્થળનો લાખોના ખર્ચે આકર્ષક અને રળિયામણો વિકાસ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા થયો છે. અંદાજે ૨૦૦ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ દર વર્ષે અહીં ભાદરવી અમાસના રોજ લોકમેળો ભરાય છે. ચાલુ વર્ષે પણ તા.૧૫થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન અહીં લોક મેળો યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડવાની સંભાવના છે

રાજકોટ જિલ્લાનું હિલ સ્ટેશન એવા ઓસમ પહાડ ઉપર હરિયાળી આચ્છાદિત હોવાથી અહીં કુદરતી સૌંદર્યને માણવા લાખો પ્રવાસીઓ ઉમટી પડે છે. યુવા સાહસિકો માટે દર અહીં વર્ષે ઓસમ આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાય છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એડવન્ચર સ્પોર્ટસ તરીકે પણ આ સ્થળનો વિકાસ થઇ રહ્યો છે.

૬૩૫ એકર વિસ્તારનો ફેલાવો અને ઐતિહાસિક મહાત્મ્ય ધરાવતા પર્વતની ટોચે માત્રી માતાનું મંદિર આવેલું છે. લોક મેળાના આ પ્રસંગે દેશ-વિદેશમાંથી ભાવિકો ઉમટી પડે છે. આ પર્વત પર ૫૮૫ જેટલાં પગથિયાં છે. ઓસમ ડુંગરની શિલાઓ સપાટ અને લીલી હોવાથી ભૂતકાળમાં એક સમયે તે માખણિય પર્વત તરીકે ઓળખાતો હતો. આ પર્વતનો ઉલ્લેખ મહાભારતમાં પણ થયેલા જોવા મળે છે. જેમાં શ્રી માત્રી માતાનો ઉલ્લેખ શ્રી છત્રેશ્વરી માતા તરીકે થયો છે.

આ ઓસમ ડુંગરનો હિમાચલ પ્રદેશ જેવી હરિયાળીનો નજારો જોવા લાખો પર્યટકો આવી આનંદિત થતાં હોય છે. ઓસમ ડુંગર ઉપર માત્રી માતાજીનું મંદિર, હીડંબાનો હિચકો, સ્વયંભૂ ટપકેશ્વર મહાદેવ મંદિર, તળાવ સહિત જૈન ધર્મના આસ્થા સમી ધાર્મિક જગ્યાઓ આવેલી છે.

આલેખન-પાર્થ આડેસરા

સૌરાષ્ટ્ર યુનવર્સિટી ખાતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો

૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રોડ સેફ્ટીના નિયમો વિશે મેળવ્યું માર્ગદર્શન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ શહેર ટ્રાફિક શાખા અને પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્ર યુનવર્સિટી ખાતે રોડ સેફ્ટીના મહત્વ સંદર્ભે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડી.સી.પી. પૂજા યાદવ, એ.સી.પી. જે.બી.ગઢવી, આર.ટી. ઓ.કે.એમ.ખપેડ અને જે.વી.શાહ દ્વારા આશરે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને હેલ્મેટ, સીટબેલ્ટ, ટ્રાફિકના નિયમો વિશે સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઓવર સ્પીડના કારણે સ્વની સાથે અન્ય નાગરિકના અમૂલ્ય જીવનને ખતરામાં નાખવા કરતા મધ્યમ ગતિએ વાહન ચલાવવા ઉપર આ કાર્યક્રમમાં ભાર મૂકાયો હતો. ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર ડો.ગિરીશ ભીમાણી દ્વારા તમામ વિદ્યાર્થી અને પ્રોફેસરને હેલ્મેટ અને સિટબેલ્ટ ફરજિયાત પહેરીને આવવા માટે જણાવાયું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, નવા યુનિવર્સિટી અભ્યાસક્રમમાં ટ્રાફિક એજ્યુકેશન વિષયનો સમાવેશ કરવામાં આવશે. આ તકે શિક્ષકઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસના સભ્યએ બળવો કરવા છતાં કોંગ્રેસનું બોર્ડ યથાવત

જસદણ તાલુકા પંચાયતના પ્રમુખ પદે હિતેશ વોરા તથા ઉપપ્રમુખ પદે નરેશ બેરાણી ચૂંટાયા

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૫

જસદણ તાલુકા પંચાયતના પ્રમુખ પદે કોંગ્રેસના સભ્યએ બળવો કરવા છતાં કોંગ્રેસનું બોર્ડ યથાવત રહ્યું છે. જસદણ તાલુકા પંચાયત કચેરી ખાતે જસદણના ડેપ્યુટી કલેકટર રાજેશ આલના અધ્યક્ષ સ્થાને પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી યોજતા જસદણ તાલુકા પંચાયતના પ્રમુખ પદે જસદણની સાણથલી બેઠક ઉપરથી ચૂંટાયેલા કોંગ્રેસના લેઉઆ પટેલ અગ્રણી હિતેશભાઈ હરિભાઈ વોરા પ્રમુખ પદે ચૂંટાયા હતા. જ્યારે ઉપપ્રમુખ પદે કોંગ્રેસના કોળી સમાજના નરેશભાઈ રણછોડભાઈ બેરાણી ચૂંટાયા હતા. જસદણ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના ૧૪ સભ્યો, ભાજપના ૬ સભ્યો તથા બે અપક્ષ સભ્યો ચૂંટાયેલા છે. પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રમુખ પદ માટે હિતેશભાઈ વોરાના નામનો તથા ઉપપ્રમુખ પદ માટે નરેશભાઈ બેરાણીના નામનો કોંગ્રેસના ચૂંટાયેલા તમામ સભ્યોને લેખિત વ્હીપ આપવામાં આવ્યો હતો. આમ છતાં કોંગ્રેસ પક્ષના વ્હીપની વિરોધમાં જઈને આંબરડી બેઠક ઉપરથી કોંગ્રેસનાં ચૂંટાયેલા સોનલબેન જયંતીભાઈ મેટાળીયાએ ભાડલા બેઠક ઉપરથી કોંગ્રેસમાંથી ચૂંટાયેલા સભ્ય પ્રદીપભાઈ જયંતીલાલ કાકડીયાનાં નામની પ્રમુખ પદ માટે દરખાસ્ત કરી હતી. આથી પ્રમુખ પદ માટે મતદાન યોજના હતું.

જેમાં પ્રમુખ પદે ચૂંટાયેલા હિતેશભાઈ વોરા તથા ઉપપ્રમુખ પદે ચૂંટાયેલા નરેશભાઈ બેરાણીને ૧૨ મત તથા પ્રદીપભાઈ કાકડીયાને ૧૦ મત મળતા હિતેશભાઈ વોરા પ્રમુખ પદે ચૂંટાયા હતા જ્યારે ઉપપ્રમુખ પદે નરેશભાઈ રણછોડભાઈ દેરાણી ચૂંટાયા હતા. કોંગ્રેસના બળવાખોર ઉમેદવાર પ્રદીપભાઈ કાકડીયાને ભાજપના ૬ તથા કોંગ્રેસના ૨ સભ્યો તેમજ ૨ અપક્ષ ઉમેદવાર મળીને કુલ ૧૦ મત મળ્યા હતા. રાજકોટ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અર્જુનભાઈ ખાટરીયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષના વ્હીપની વિરુદ્ધ જનાર પ્રદીપભાઈ કાકડીયા તથા સોનલબેન મેટાળીયા વિરુદ્ધ પક્ષાંતરધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને તેમને કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવશે. જસદણ તાલુકા પંચાયત કચેરી ખાતે કોંગ્રેસના બોર્ડને વધાવવા પૂર્વ ધારાસભ્ય ભોળાભાઈ ગોહિલ, જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અવસરભાઈ નાકીયા, જિલ્લા પંચાયતના સભ્ય મનસુખભાઈ સાકરીયા, સુરેશભાઈ છાયાણી, જસદણ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ ગીડા, જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અર્જુનભાઈ ખાટરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની પુર્વસંધ્યાએ કાલે ધારાસભ્ય ઉદય કાનગડ તરફથી

વિધાનસભા-૬૮માં સમાવિષ્ટ નગર પ્રાથમિક શિક્ષણસમિતિની તમામ સ્કુલના વિદ્યાર્થીઓને ચોકલેટ આપી મીઠા મોં કરાવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વસંધ્યાએ એટલે કે આવતીકાલે તા.૧૬ સપ્ટેમ્બર, શનીવારના રોજ રાજકોટ(પૂર્વ), વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ તરફથી વિધાનસભા-૬૮માં સમાવિષ્ટ રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ સ્કુલના ૧૫ હજારથી વધુ બાળકોને ચોકલેટ આપી મીઠા મોં કરવવામાં આવશે. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ મંત્ર સાથે વહીવટી પ્રક્રિયામાં મોટા પાયે પરિવર્તન લાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી, જે સમાવેશકતા, વિકાસલક્ષી અભિગમ અને ભ્રષ્ટાચારમુક્ત શાસન તરફ દોરી ગઈ છે.

પ્રધાનમંત્રી સરકારી યોજનાઓ કે સરકારી સેવાઓના લાભ અંત્યોદયનો ઉદેશ પાર પાડે કે છેવાડાના માનવી સુધી પહોચે એ માટે ઝડપથી વ્યાપકપણે કામ કરી રહ્યા છે અને આજે તેમની વડાપ્રધાન તરીકેની બીજી ટર્મમાં દેશ વધુ સશક્ત અને સક્ષમ બન્યો છે તેની પ્રતિતિ દેશવાસીઓને થઈ રહી છે ત્યારે આપણા દેશમાં કોઈપણ ખુશીના અવસરે પરસ્પર મોં મીઠા કરાવી ઉજવણી કરવાની પ્રથા વર્ષોથી ચાલી આવે છે ત્યારે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વસંધ્યાએ શાળાના ૧૫ હજારથી વધુ બાળકોને ચોકલેટ આપી મોં મીઠા કરાવી મીઠાશ પ્રસરાવશે. તેમ જણાવ્યું છે.

રાજકોટ જીલ્લા પંચાયત તેમજ જીલ્લાની ભાજપ શાસિત ૯ તાલુકા પંચાયત અને ૧ નગરપાલિકામાં નવા હોદેદારોની વરણી કરાઈ

રાજકોટઃ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્ત રાજકોટ જીલ્લા પ્રભારી ધવલભાઈ દવેના આદેશ મુજબ અને રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાના માર્ગદર્શનમાં જેતપુર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે મનીષાબેન પ્રવીણભાઈ પરમાર, ઉપપ્રમુખ હંસાબેન રાજેશભાઈ બારૈયા, કારોબારી ચેરમેન નીતાબેન દિનકરરાય ગુંદારીયા, પક્ષના નેતા લખમણભાઈ નાથાભાઈ મોરીની વરણીને રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી અને જેતપુર તાલુકા પંચાયતના નિરીક્ષક મનોજ રાઠોડ અને રાજકોટ માર્કેટિંગયાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા દ્વારા તેમજ રાજકોટ જીલ્લા બેંકના ડીરેક્ટર લલિતભાઈ રાદડિયાની ઉપસ્થિતિમાં વ્હીપ રજુ કરીને તાલુકા પંચાયતના હોદેદારોની વરણીને બિનહરીફ જાહેર કરવામાં આવી. આ તકે તાલુકા પંચાયતના ચૂંટણી અધિકારી અને ડેપ્યુટી કલેકટર ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ જીલ્લામાં વર્ષોથી ભાજપનો દબદબો રહ્યો છે તેવી રાજકોટ જીલ્લાની જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગોંડલ નગરપાલિકામાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષના નેતા અને દંડકની અઢી વર્ષની મુદત પૂર્ણ થતા નિયમ મુજબ ગુજરાત પ્રદેશ દ્વારા આપવામાં આવેલ મેન્ડેટ (વ્હીપ) અનુસાર રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવીભાઈ માંકડિયા દ્વારા નવા હોદેદારોની જાહેરાત કરવામાં આવી.

જેમાં જીલ્લા પંચાયતના નવા નીમાયેલા હોદેદારોમાં પ્રમુખ તરીકે પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી, ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગર, કારોબારી ચેરમેન પ્રવીણભાઈ કયાડા, પક્ષના નેતા સવિતાબેન ભરતભાઈ ગોહેલની વરણી કરવામાં આવી છે.

જ્યારે રાજકોટ જીલ્લાની ૧૧ તાલુકા પંચાયત પૈકી ૯ ભાજપ શાસિત તાલુકા પંચાયતમાં નવનિયુક્ત હોદેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં ઉપલેટા તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન પીયુષભાઈ હુંબલ, ઉપપ્રમુખ જયશ્રીબેન પ્રકાશભાઈ ભાલોડીયા, કારોબારી ચેરમેન વનરાજભાઈ કાબાભાઈ સાવલીયા, પક્ષના નેતા ગીતાબેન ગોવિંદભાઈ મહીડા, ધોરાજી તાલુકા પંચાયત પ્રમુખ રવિભાઈ ઈશ્વરલાલ વડાલીયા, ઉપપ્રમુખ રામભાઈ ખોડાભાઈ હેરભા, કારોબારી ચેરમેન આશાબેન ભરતભાઈ મેર, પક્ષના નેતા સવિતાબેન રાણાભાઈ ધ્રાંગીયા, જામકંડોરણા તાલુકા પંચાયત પ્રમુખ ભાનુમતીબેન પ્રાણજીભાઈ ત્રાડા, ઉપપ્રમુખ વિજયભાઈ માવલદાન ગઢવી, કારોબારી ચેરમેન વલ્લભભાઈ મેપાભાઈ સાવલીયા, પક્ષના નેતા લીલાબેન યોગેશભાઈ ભૂત, જેતપુર તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન પ્રવીણભાઈ પરમાર, ઉપપ્રમુખ હંસાબેન રાજેશભાઈ બારૈયા, કારોબારી ચેરમેન નીતાબેન દિનકરરાય ગુંદારીયા, પક્ષના નેતા લખમણભાઈ નાથાભાઈ મોરી, ગોંડલ તાલુકા પંચાયત પ્રમુખ હીનાબેન ભરતભાઈ ઢોલરીયા, ઉપપ્રમુખ ચિરાગભાઈ કાંતિભાઈ ગોલ, કારોબારી ચેરમેન ભાવિકાબા ભગવતસિંહ વાઘેલા, પક્ષના નેતા જીગ્નેશભાઈ વિઠ્ઠલભાઈ ઘેલાણી, કોટડાસાંગાણી તાલુકા પંચાયત પ્રમુખ અંજનાબા ધર્મેન્દ્રસિંહ જાડેજા, ઉપપ્રમુખ રમાબેન અશ્વિનભાઈ ગઢીયા, કારોબારી ચેરમેન પાયલબેન રાજેશભાઈ બેરાણી, પક્ષના નેતા રમેશભાઈ રવજીભાઈ ડામોર, લોધિકા તાલુકા પંચાયત પ્રમુખ વિલાસબેન વિપુલભાઈ મોરડ, ઉપપ્રમુખ નીલેશકુમાર ગોવિંદદાસ નીનામા, કારોબારી ચેરમેન અંજુબેન ઉમેશભાઈ પાંભર, પક્ષના નેતા રેખાબેન અરવિંદભાઈ પરમાર, રાજકોટ તાલુકા પંચાયત પ્રમુખ ચેતનભાઈ ચંદ્રેશભાઈ કથીરીયા, ઉપપ્રમુખ પરસોત્તમભાઈ વાઘજીભાઈ મેવાસીયા, કારોબારી ચેરમેન ભરતભાઈ શામજીભાઈ ડાભી, પક્ષના નેતા લાભુબેન વિક્રમભાઈ હુંબલ, પડધરી તાલુકા પંચાયત પ્રમુખ હેતલબેન રોહિતભાઈ ચાવડા, ઉપપ્રમુખ રંજનબેન મુકેશભાઈ મૂંગલપરા, કારોબારી ચેરમેન ઉર્વીશાબેન ભાવસિંહ જાડેજા, પક્ષના નેતા મહેશભાઈ નાથાભાઈ સુદાણી, ગોંડલ નગરપાલિકામાં પ્રમુખ મનીષભાઈ દુર્લભજીભાઈ ચનીયારા, ઉપપ્રમુખ કાંતાબેન જયંતીભાઈ સાટોડીયા, કારોબારી ચેરમેન રાજેન્દ્રસિંહ રઘુરાજસિંહ જાડેજા, પક્ષના નેતા સંજીવભાઈ રમણીકભાઈ ઘીણોજાની વરણી કરવામાં આવી છે.

તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઇન્ચાર્જ અને સહ-ઇન્ચાર્જેની યાદીમાં જણાવે છે.

નવા મહિલા હોકર્સ ઝોન માટે અરજી કરી શકશે

ફકત મહિલા ફેરીયાઓ મહિલા માટેની ચીજ–વસ્તુઓનું જ વેચાણ કરી શકશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાલાવડ રોડ પર, ઈ.એસ.આર.ની બાજુમાં નવો મહિલા હોકર્સ ઝોન શરૂ કરવામાં આવનાર છે. આ હોકર્સ ઝોનમાં ફકત મહિલા ફેરીયાઓ મહિલા માટેની ચીજ-વસ્તુઓનું જ વેચાણ કરી શકશે. આ હોકર્સ ઝોનના ૧૮ થડાની ફાળવણી કરવા માટે રસ ધરાવતા મહિલા ફેરીયાઓએ તા. ૨૯-૯ સુધીમાં અરજી કરી શકશે ત્યારબાદ ડ્રોથી થડાની ફાળવણી કરવામાં આવશે. આ કામના અરજી ફોર્મ તથા શરતો દબાણ હટાવ વિભાગ, ત્રીજો માળ, રૂમ નં.૯, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ ખાતેથી મળી શકશે. જરૂરી આધાર પુરાવા (પાસપોર્ટ સાઇઝ ફોટો, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, રેશન કાર્ડ અને લાઇટબીલ)ની નકલ સાથે દબાણ હટાવ વિભાગમાં રજૂ કરવાના રહેશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

રાજકોટમાં હવે ક્રિકેટ ફિવર છવાશે : ભારત-ઓસ્ટ્રેલીયાનો ૨૭મીએ વન-ડે જંગ

૧૭ સપ્ટેમ્બરથી PayTM મોબાઈલ એપ અને www.insider.in પર ઓનલાઈન ટિકિટ વેચાણ : રૂ.૧૫૦૦ થી રૂ.૧૦૦૦૦ સુધીના ભાવ ; ૨૭મીએ બપોરે ૧.૩૦ કલાકે મેચ શરૂ થશે



રાજકોટ તા.૧૫

એશીયાકપ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટનો રોમાંચ ચાલી જ રહ્યો છે અને હવે આવતા સપ્તાહથી રાજકોટ ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે રમાનારા વન-ડે મેચનો ક્રિકેટ ફિવરમાં ધકડાવા લાગવાના એંધાણ છે. ૨૭ મી સપ્ટેમ્બરે રાજકોટમાં રમાનારા આ મેચ માટેની ટીકીટનું વેચાણ ૧૭ મીથી શરૂ થશે. આવતા મહિનાથી શરૂ થનારા વર્લ્ડ-કપ પૂર્વેનો અંતિમ મેચ હોવાથી વિશ્વભરના ક્રિકેટ રમતા દેશો તથા ક્રિકેટ પ્રેમીઓની નજર રહેવાનું સ્પષ્ટ છે.

એશીયાકપની સમાપ્તી બાદ આવતા સપ્તાહે વન-ડે શ્રેણી રમવા માટે ઓસ્ટ્રેલીયાની ટીમ ભારત આવવાની છે. બન્ને દેશો વચ્ચે ૩ મેચોની આ વન-ડે સીરીઝ છે. પ્રથમ મેચ મોહાલીમાં તથા બીજો વન-ડે ઈન્દોરમાં રમાવાનો છે.ત્રીજો વન-ડે ૨૭ મી સપ્ટેમ્બરે રાજકોટમાં રમાશે. સીરીઝનો તથા આઈસીસી વર્લ્ડકપ પૂર્વેનો આ આખરી મેચ હશે. એટલે બન્ને દેશોનાં ખેલાડીઓનાં પરફોર્મન્સ, બન્ને ટીમોની રણનીતિ વગેરે પર અન્ય ટીમો તથા ક્રિકેટ રસીયાઓની નજર રહેવાનું સ્વાભાવિક છે. ૨૭મીના વન-ડે મેચ પૂર્વે ભારત અને ઓસ્ટ્રેલીયા એમ બન્ને દેશોની ટીમો ૨૫ મીએ રાજકોટ આવી જવાની અને બે બે વખત નેટ પ્રેકટીસ કરે તેવી સંભાવના છે.

ડે-નાઈટ વન-ડે મેચ હોવાથી તે બપોરે ૧-૩૦ વાગ્યાથી શરૂ થશે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનનાં સુત્રોએ કહ્યું કે દર્શકોને સવારે ૧૧-૩૦ વાગ્યાથી સ્ટેડીયમમાં એન્ટ્રી મળશે. આ મેચ માટે ટીકીટનું વેંચાણ આગામી રવિવારને ૧૭ મી સપ્ટેમ્બરથી શરૂ થશે. રૂા.૧૫૦૦ થી માંડીને રૂા.૧૦,૦૦૦ સુધીના ટીકીટના દર નકકી કરવામાં આવ્યા છે. ૧૭મીથી પેટીએમ એપ, પેટીએમ ઈનસાઈડર એપ તથા વેબ મારફત ટીકીટ ઉપલબ્ધ બનશે.

૨૭મીએ રમાનારા વન-ડે મેચ માટે ભારત અને ઓસ્ટ્રેલીયાની ટીમ ૨૫ મીએ જ રાજકોટ આવી જાય તેવી શકયતા છે ત્યારે બન્ને ટીમોનાં રોકાણ માટે અલગ અલગ હોટેલો રાખવામાં આવી છે. ભારતીય ટીમ કાલાવડ રોડ પર આવેલી હોટેલ સયાજીમાં રોકાશે જયારે ઓસ્ટ્રેલીયન ટીમને હોટેલ ફોચ્યુર્ન ફાળવવામાં આવી છે. ૨૫ મીથી જ આ હોટેલો બુક કરાવી લેવામાં આવી હોવાના સંકેત છે.

રાજકોટમાં ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે આગામી ૨૭ મી સપ્ટેમ્બરે વન-ડે મેચ રમાવાનો છે જયારે બન્ને દેશો વચ્ચે રાજકોટમાં રમાયેલા મેચોનાં ઈતિહાસ પર નજર કરવામાં આવે તો ભારત-ઓસ્ટ્રેલીયા વચ્ચે આ ત્રીજો વન-ડે મેચ હશે. ભારત-ઓસ્ટ્રેલીયા વચ્ચે સૌ પ્રથમ વન-ડે ટકકર છે.૭ ઓકટોબર ૧૯૮૬ ના રોજ રેસકોર્ષનાં માધવરાવ સિંધીયા ક્રિકેટ સ્ટેડીયમમાં થઈ હતી.

બીજો વન-ડે ૧૭મી જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ ખંઢેરી સ્ટેડીયમમાં રમાયો હતો. આ સિવાય રાજકોટમાં બન્ને દેશો વચ્ચે એક ટી-૨૦ મેચ પણ રમાઈ ચૂકયો છે. રાજકોટમાં ઓસ્ટ્રેલીયા સામેનો મેચ સાડા ત્રણ વર્ષ જેવા લાંબા સમયે યોજાયો હોવાના કારણોસર ક્રિકેટ રસીયાઓમાં જબરો ઉત્સાહ-ઉતેજના ફેલાવાનું સ્પષ્ટ છે. આવતા સપ્તાહથી જ રાજકોટ ક્રિકેટનો રંગે રંગાવા લાગશે. બન્ને ટીમોનાં ઉતારા માટે હોટેલ સહિતની અન્ય વ્યવસ્થાઓને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશને અંતિમ સ્વરૂપ આપી જ દીધુ છે.૧૭ સપ્ટેમ્બરથી **PayTM** મોબાઈલ એપ અને **www.insider.in** પર ઓનલાઈન ટિકિટ વેચાણ રૂ.૧૫૦૦ થી રૂ.૧૦૦૦૦ સુધીના ભાવ ૨૭મીએ બપોરે ૧.૩૦ કલાકે મેચ શરૂ થશે ટિકિટના ભાવ, ઈસ્ટ સ્ટેન્ડના રૂ.૧૫૦૦, વેસ્ટ સ્ટેન્ડમાં લેવલ ૧ના રૂ.૨૦૦૦, લેવલ ૨ ૩ ના ૨૫૦૦ ; સાઉથ સ્ટેન્ડ લેવલ ૧ ૨ ના ૮૫૦૦ (ભોજન સાથે), લેવલ ૩ ના ૩૦૦૦ તથા સાઉથ અને વેસ્ટ બોક્સમાં પ્રતિ ટિકિટના રૂ.૧૦૦૦૦ (ભોજન સાથે) રાખવામાં આવેલ છે.

રાજકોટનાં જામટાવર તેમજ વિરપૂરની મીનળવાવ અને સાંકળીનાં સાંકડેશ્વર મંદિરનો ૪૦ લાખના ખર્ચે થશે જિર્ણોધ્ધાર: કલેકટર

રાજકોટ,તા.૧૫

રાજકોટના ઐતિહાસીક જામટાવર ઉપરાંત યાત્રાધામ વિરપુર ખાતે આવેલ મીનળવાવ તેમજ જુની સાંકડીના સાકડેશ્વર મહાદેવનાં મંદિરનો રૂા.૪૦ લાખના ખર્ચે જીર્ણોધ્ધાર કરવામાં આવશે તેમ જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવી ઉમેર્યું હતું કે આ સ્મારકો અને મહાદેવના મંદિરનાં જીર્ણોધ્ધાર માટે રાજય સરકાર દ્વારા રૂા.૨૦ લાખની ખાસ ગ્રાંટ મંજુર કરવામાં આવી છે.

આ ઉપરાંત આ જીર્ણોધ્ધારની કામગીરી માટે રાજય સરકારની ૨૦ લાખની ગ્રાંટ ઉપરાંત જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ અન્ય ૨૦ લાખની રકકમ નાંખી કુલ રૂા.૪૦ લાખના ખર્ચે જીર્ણોધ્ધારની આ કામગીરી કરવામાં આવશે. અહીંએ ઉલ્લેખનીય છે કે જામટાવરને ધમધમતો કરવા માટે અગાઉ પણ તત્કાલીન કલેકટર અરૂણ મહેશબાબુનાં સમયકાળ દરમ્યાન ખાસ યોજના તૈયાર કરવામાં આવી હતી. પરંતુ આ યોજના કાગળ પર જ રહી ગઈ હતી.

જામટાવરને કાર્યાન્વિત કરવા માટે વહિવટી તંત્ર દ્વારા આ સતત પાંચમી વખત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ટાવર નવાનગર રાજયનાં રાજવી જામવિભાજી દ્વારા આપવામાં આવેલી એક સુંદર ભેટ છે.આ ટાવરનું નિર્માણ ઈ.સ.૧૮૮૦ માં કરવામાં આવ્યું હતું.તેનું ઉદઘાટન કાઠીયાવાડનાં પોલીટીકલ એજન્ટ કર્નલ સી.વુડહાઉસ દ્વારા કરવામાં આવેલ હતું.ત્યારબાદ ૧૮૮૭ માં ૨૫૦ કિલોગ્રામ વજનનો પીતળનો વિશાળ ઘંટ આ ટાવર પર મુકવામાં આવેલ હતો.જામટાવર જામસાહેબ શત્રુશલ્યસિંહજીનાં સહયોગથી પુનઃનિર્માણ કરી તેઓની ઉપસ્થિતિમાં તે સમયનાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગત તા.૮ ફેબ્રુઆરી ૨૦૦૮ ના લોર્કાપણ કરેલ હતું. પરંતુ ત્યારબાદ આ ટાવર ઘડીયાળ બંધ પડી જવા પામી હતી.

આ જામટાવરને પુનઃકાર્યાન્વિત કરવા માટે હવે કલેકટર પ્રભવ જોશીએ ફરી બીડુ ઝડપ્યુ છે.કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે આ ટાવરને આગામી ટુંક સમયમાં જ રીનોવેશન કરી કાર્યાન્વિત કરી દેવામાં આવશે.આ ઉપરાંત ટાવરને રંગબેરંગી રોશનીથી સુશોભીત કરવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રક્રિયા કરાશે.

આ ટાવરની રખેવાળી માટે સિકયુરીટી ગાર્ડની પણ નિયુકિત કરાશે તેમ કલેકટર પ્રભવ જોશીએ જણાવી વધુમાં ઉમેર્યું હતું કે વિરપુર ખાતે આવેલ પૌરાણીક મીનળવાવનુ પણ રીનોવેશન કરવામાં આવશે તેની સાથોસાથ જુની સાંકળી ગામના સાકડેશ્વર મંદિરનો પણ જીર્ણોધ્ધાર કરાશે.આ મંદિરનાં પગથીયા સહિતનું રીનોવેશન કામ ઝડપભેર થાય તે માટે વહિવટી તંત્રે કમર કસી છે.જુની સાંકળી ગામનાં આ મંદિર આસપાસના વિસ્તારોમાં રૂા.૫ લાખના ખર્ચે ગટરનું કામ પણ મંજુર કરી દેવામાં આવેલ છે.

સિંગતેલની સાથે કપાસિયા તેલ અને અન્ય તેલના ભાવમાં પણ વધારો

સિંગતેલના ભાવમાં સતત ત્રીજા દિવસે રૂ.૫૦ નો વધારો

સિંગતેલના ડબ્બાનો ભાવ ૩,૩૧૦૦ ને પાર થઈ ૩,૩૧૨૦ થયો : મગફળીના ભાવ ૩,૧૬૦૦ થયો

રાજકોટ,તા.૧૫

સિંગતેલમાં સટ્ટાખોરી ત્રીજા દિવસે પણ ચાલુ રહી હતી. ગુરૂવારે રૂ. ૫૦નો વધારો થયો હતો. જેને કારણે સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૩૧૦૦ ને પાર થઈ રૂ. ૩૧૨૦ થયો હતો. તંત્રનો કોઈ અંકુશ નહીં હોવાને કારણે સટ્ટાખોરો ફાવી ગયા છે. સિંગતેલના ભાવ ઊંચકાતા મગફળીના ભાવ પણ વધ્યા હતા. મગફળીના ભાવે રૂ.૧૬૦૦ ની સપાટી કુદાવી હતી.

તહેવાર પૂરા થયા બાદ ઊઘડતી બજારે સિંગતેલ-કપાસિયા તેલમાં ભાવ સતત વધી રહ્યા છે. મંગળવારે રૂ. ૭૦ , બુધવારે પણ રૂ. ૩૦ વધ્યા બાદ ગુરૂવારે રૂ. ૫૦નો વધારો થયો હતો. આમ, ત્રણ દિવસમાં સિંગતેલનો ડબ્બો રૂ.૧૫૦ મોંઘો થયો છે. સિંગતેલ લૂઝનો ભાવ રૂ.૧૭૫૦-૧૭૮૦ બોલાયો હતો. જ્યારે કપાસિયા વોશમાં ૮૧૦-૮૧૫ ના ભાવે સામાન્ય ટેન્કરના કામકાજ નોંધાયા હતા. ઓગસ્ટ મહિનામાં વરસાદ આવ્યો નથી. આથી,વરસાદ ખેંચાયો છે. વરસાદ ખેંચાતા મગફળીનો પાક નિષ્ફળ જવાની ચિંતા સેવાઈ રહી છે. ગુરૂવારે જાડી મગફળીની આવક ૭૦૦ ક્વિન્ટલ, ઝીણી મગફળીની આવ ૯૫૦ ક્વિન્ટલ નોંધાઈ હતી. ભાવમાં મણે રૂ.૧૦ નો વધારો થયો હતો.

સૌરાષ્ટ્રમાં મગફળીનું વાવેતર ઘટવાને કારણે સંગ્રહખોરી પણ વધી રહી છે. સટ્ટાખોરોએ એકસાથે મગફળી ખરીદી લીધી છે અને અત્યારે તેનો સ્ટોક જરૂર કરતા ઓછો રિલીઝ કરતા મગફળીની કૃત્રિમ અછત ઊભી થઈ છે.પરિણામે ખાદ્યતેલના ભાવ વધી રહ્યા છે. સિંગતેલની સાથે સાથે કપાસિયા તેલ અને અન્ય સાઠ્ડા તેલના ભાવમાં પણ વધારો થયો હતો. ગુરૂવારે કપાસિયા તેલનો ડબ્બો રૂ.૧૫૮૦, પામોલીન રૂ.૧૩૬૦, સરસવ રૂ. ૧૬૮૦, સનફલાવર રૂ.૧૪૫૦, કોર્ન ઓઈલ રૂ.૧૪૮૦, વનસ્પતિ ઘી રૂ. ૧૫૯૦, કોપરેલ રૂ. ૨૩૦૦, દિવેલ રૂ. ૨૧૨૦ બોલાયો હતો. જન્માષ્ટમી બાદ હવે ગણેશોત્સવમાં પણ ભાવવધારાનો બોજો લોકો પર આવ્યો છે.

હવામાન વિભાગની આગાહી : સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે વરસશે વરસાદ

રાજકોટ,તા.૧૫

સૌરાષ્ટ્ર-ગુજરાતને એકાદ માસ સુધી ધમરોળ્યા બાદ મેઘરાજા છેલ્લા દોઢેક મહિનાથી અદ્રશ્ય છે. પરંતુ હવે વિક એન્ડથી ફરી વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગે રીપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે આવતીકાલ સુધી મુખ્યત્વે દક્ષિણ-ઉતરનાં રાજયોમાં છુટોછવાયો વરસાદ થવાની સંભાવના છે.

આ દરમ્યાન અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જુનાગઢ તથા રાજકોટ જીલ્લામાં પણ કયાંક-કયાંક ઝાપટા પડવાની સંભાવના છે. શનિવારથી વરસાદી ગતિવિધી વ્યાપ વધશે અને વધુ વિસ્તારોમાં વરસાદ પડશે.

રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે શનિવારે વલસાડ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, નવસારી તાપીમાં કેટલાંક સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. અમરેલી, ભાવનગર તથા ગીર સોમનાથમાં ગાજવીજ-વિજળીનાં કડાકાભડાકા તથા વીજ પવન સાથે અમુક ભાગોમાં વરસાદ થઈ શકે છે.તા.૧૭ ને રવિવારે સુરત, ડાંગ, નવસારી, વલસાડમાં અમુક સ્થળે ભારેથી અતિભારે તથા આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, તાપીમાં ભારે વરસાદ તથા સૌરાષ્ટ્રનાં ભાવનગર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ગીર સોમનાથ તથા કચ્છમાં ગાજવીજ સાથે હળવો મધ્યમ વરસાદ થઈ શકે છે.

પિતા સાથે લોનની લેવડદેવડ મુદ્દે પતિ માર મારતો,સાસુ પતિને ચડામણી કરતા : ફરિયાદ

રાજકોટ,તા.૧૫

શહેરના અંબાજી કડવા પ્લોટમાં છેલ્લા ત્રણ મહિનાથી પિયરમાં રહેતી દેવાંગી નામની પરિણીતાએ વાવડી ગામે રહેતા પતિ કેવલ વિનોદભાઇ ઉછડિયા અને સાસુ વિલાસબેન સામે ફરિયાદ નોંધાવી છે. બીબીએ સુધીનો અભ્યાસ કરનાર પરિણીતાની ફરિયાદ મુજબ, કેવલ સાથે ૨૦૧૯માં પ્રેમલગ્ન બાદ આર્યસમાજથી લગ્ન કર્યા છે. લગ્નજીવન દરમિયાન એક પુત્રી હતી, પરંતુ પાંચ મહિનાની હતી ત્યારે તેનું મૃત્યુ નીપજ્યું હતું. લગ્ન કરી સાસરે ગયા બાદ એક વર્ષ સુધી સરખું ચાલ્યું હતું.

બાદમાં પતિ નાની નાની બાબતોએ ઝઘડા કરી માર મારતો અને માતા-પિતાને ગાળો ભાંડતો હતો. આ સમયે સાસુ વિલાસબેન પોતાના વિશે ખોટી વાત કરી પતિને ચડામણી કરતા હતા. જેને કારણે પતિ શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. સાસુના ત્રાસથી પતિ સાથે ભાડાના મકાનમાં અલગ રહેવા જતા રહ્યા હતા. ત્યાં પણ પતિ હેરાન કરતા હતા. દરમિયાન પતિને પિતા સાથે બેંક લોન બાબતે પૈસાની લેવડદેવડ કરી હતી. તે મુદ્દે પતિ માર મારતા હતા.

જેને કારણે એક મહિનો પોતે માવતર જતી રહી હતી. ત્યાર બાદ હવે હું ઝઘડા નહિ કરું તેમ કહી પતિ પોતાને ફરી સાથે લઇ ગયો હતો. માફી માગ્યા બાદ પણ પતિમાં કોઇ ફેરફાર થયો ન હોય તેમ ઝઘડાઓ ચાલુ રાખી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. ત્યારે ત્રણ મહિના પૂર્વે પતિ તેમજ સાસુનો ત્રાસ અનહદ વધી જતા માવતરે આવી છું.

આયુષ્યમાન કાર્ડ ૨૪ કલાક કાઢી શકાશે : નવી વ્યવસ્થાની તૈયારી

રાજકોટ,તા.૧૫

રાજકોટ શહેરમાં મનપાના આરોગ્ય કેન્દ્રોમાં ચાલતી આયુષ્યમાન હેલ્થ કાર્ડ કાઢવાની કામગીરી કોઇ પણ એક કેન્દ્રમાં ૨૪ કલાક ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે તેવું આજે આરોગ્ય સમિતિના નવનિયુકત ચેરમેને જણાવ્યું હતું. કેતન પટેલે કહ્યું હતું કે કેન્દ્ર અને રાજય સરકારની આરોગ્ય યોજનાઓ લોકો માટે આશિર્વાદ જેવી છે. મા અમૃતમ અને પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ ગરીબ તથા મધ્યમ વર્ગના પરિવારોને મેડીકલ ઇમરજન્સીમાં ખુબ કામ આવે છે. જટીલ અને મોંઘી સારવાર આવા દર્દીઓ સરકારના ખર્ચે કરાવી શકે છે. પરંતુ કયારેક ઇમરજન્સીમાં કાર્ડની જરૂર હોય છે તેવા સમયે લોકોને મદદ મળે તે જરૂરી છે. આથી કોઇ પણ એક કેન્દ્રમાં અડધી રાત્રે એટલે કે ૨૪ કલાક આ કાર્ડ નીકળી શકે તેવું સેટઅપ ગોઠવવામાં આવશે.

ક્રાઈમ કોર્નર

રીક્ષાચાલકે આર્થિક ભીંસથી કંટાળી ઘઉમાં નાખવાના ટીકડા પી આપઘાત કર્યો

રાજકોટ નજીક લાપસરી ગામે રહેતા અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા બહાદુરસિંહ કાનજીભાઈ ભટ્ટી નામના ૭૦ વર્ષના વૃદ્ધે ઘઉમાં નાખવાના ટીકડા પી લેતા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવારમાં જ વૃદ્ધે દમ તોડતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ, મૃતક બહાદુરસિંહ ભટ્ટીએ આર્થિક ભીંસથી કંટાળી અને તેમને સંતાનમાં બે પુત્રી અને બે પુત્ર હતા જેમાં નાના પુત્રનું સગપણ ન થતું હોવાથી તેના તાણાવમાં પણ વખ ઘોળ્યું હોવાનું ખુલ્યું હતું.

યુવકે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટના કોઠારીયા સોલવન્ટમાં હરિદ્વાર સોસાયટીમાં રહેતાં આશીષભઈ ગૌરીદાસ ગોંડલીયા (ઉ.વ.૩૩) ગઇકાલે પોતાના ઘરે ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. યુવકે જણાવ્યું હતું કે, તેને ગઇકાલે અણીયારી ગામના સરપંચ ડાયાભાઇ અને રાણા રબારીનો ફોન આવ્યો હતો કે, તે મારા પર કાર ચડાવવાનો પ્રયાસ કેમ કર્યો હતો કહીં તને રાજકોટમાં રહેવા દેવો નથી અને છરી ઝીંકી દેવી છે તેવી ધમકી આપતાં તે ભયભીત થઈ ગયેલ હતો અને પગલું ભરી લીધું હતું. બનાવ અંગે પોલીસે યુવકનું નિવેદન નોંધી વધું તપાસ હાથ ધરી હતી.

વીજશોકથી સગાં ભાઇ– બહેનનાં મોત

ગોંડલ તાલુકાનાં નાનાસખપર ગામે વીજ પોલનાં અર્થિંગને અડી જતાં વીજ કરંટ લાગવાથી બે માસુમ ભાઇ બહેનનાં ઘટના સ્થળે જ મોત નિપજતા પરીવાર હતપ્રભ બની ગયો હતો અને કાળો કલ્પાંત છવાયો હતો.પ્રાપ્ત વિગત મુજબ નાનાસખપર ગામે ધીરુભાઈ ગોગનભાઈ પટોળીયાની વાડીએ ખેત મજૂરી કરતા નરેશભાઇ લુહારભાઇ સોલંકી ના માસુમ બાળકો પાયલ ઉ.૬ તથા પ્રવિણ ઉ.૩ સવાર ના સુમારે વાડીમાં રમતા રમતા વિજ પોલના અર્થિંગને અડી જતાં જોરદાર ઝટકો લાગતા બન્ને ભાઇ બહેનના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા.થોડે દુર પાણી વાળી રહેલા પિતા નરેશભાઇનું ધ્યાન પડતાં તેઓ દોડી ગયા હતા.અને બન્ને માસુમ બાળકો નિસ્તેજ હાલતમાં પડ્યા હોઇ હતપ્રભ બન્યા હતા.બાદમાં બન્ને બાળકોના મૃતદેહ ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.નરેશભાઇ મુળ મધ્યપ્રદેશ બારવાણીના ધામરીયા ગામના છે અને એક વરસથી નાનાસખપર ધીરુભાઇની વાડીએ પરીવાર સાથે રહી ખેતમજુરી કરે છે.સંતાનમાં બે પુત્ર, એક પુત્રી છે.સવારે બનેલી ગમખ્વાર ઘટનામાં માસુમ પુત્ર અને પુત્રીનો ભોગ લેવાતા પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.ગ્રામજનો ના કહેવા મુજબ વીજ પોલ માં એક વાયર છુટો હોય જે અર્થિંગ ને અડી ગયો હોય વીજ પ્રવાહ ચાલુ હતો.બનાવ અંગે સુલતાનપુર પોલીસે તપાસ હાથ ધરી છે.

આંબરડીમાં પ્રેમલગ્નનો ખાર રાખી કાકા–ભત્રીજા પર ૩ શખ્સનો હુમલો

જસદણના આંબરડી ગામે પ્રેમ લગ્નનો ખાર રાખી કાકા–ભત્રીજા પર પિતા–પુત્ર સહિત ત્રણ શખ્સએ ધારિયાથી જીવલેણ હુમલો કરતા ગંભીર રીતે ઘવાયેલા કાકા– ભત્રીજાને સારવારમાં રાજકોટ ખસેડાયા હતા. બનાવ અંગે જસદણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.આ બનાવ અંગે જસદણના આંબરડી ગામે રહેતા રાહુલભાઈ ધનજીભાઈ કલાપરા (ઉ.વ.૨૭) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુનિલ રમેશ ઓતરાદી, ગોપાલ ભરત ઓતરદી અને ભરત ઓતરાદીનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ બે ભાઈ અને બે બહેન છે. તેમની નાની બહેને ગામના ગોપાલ ભરતભાઈ ઓતરાદી સાથે પ્રેમલગ્ન કર્યા છે. સાંજના સમયે ૯ વાગ્યે હું તથા મારા કાકા અશોકભાઈ બન્ને તેની બાઈકમાં વાડીએ જતા હતા. ત્યારે બજારમાં આરોપી સુનિલ ઓતરાદી તેમજ ગોપાલ ઓતરાદી બન્ને લાકડાના ધોકા લઈને આવ્યા હતા અને કહેવા લાગેલ કે, તમે ઘણા સમયથી કેમ સરખા ચાલતા નથી અને ખોટી રીતે હેરાન કરો છો કહીં ગાળો આપી બન્ને શખ્સ મને અને મારા કાકાને શરીરે આડેધડ ઘા મારવા લાગ્યા હતા.દરમિયાન ગોપાલના પિતા ભરત ધારીયું લઈ ઘસી આવ્યા અને તકાકા–ભત્રીજા પર ધારીયાથી જીવલેણ હુમલો કરી ત્રણેય શખ્સએ બેફામ ઢીકાપાટુનો મારમારી નાસી છૂટ્યા હતા. બાદમાં ઈજાગ્રસ્ત કાકા–ભત્રીજાને સારવારમાં પ્રથમ જસદણ અને બાદમાં રાજકોટ હોસ્પિટલે ખસેડાયા હતા. આ બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી.

પડધરીના દેડકદડ ગામની સીમમાં ઝેરી દવા પી લેનાર પરપ્રાંતીય પરિણીતાનું સારવારમાં મોત

પડધરીના દેડકદડ ગામની સીમમાં રહેતી રસિલાબેન મુકેશભાઈ વસુમિયા (ઉ.વ.૨૬) નામની પરિણીતાએ ત્રણ દિવસ પહેલાં અગમ્ય કારણોસર વાડીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં પ્રથમ પડધરી અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી બનાવ અંગેનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક મૂળ મધ્યપ્રદેશના વતની હતાં અને તેના લગ્ન બે વર્ષ પેહલાં થયેલ હોવાનું જાણવા મળેલ હતું.

સોચલ ટોલનાકે જામનગરના ૧૯ વર્ષીય અંકિત કોળીનું બાઈક સ્લીપ થતા સારવારમાં મોત

સોચલ ટોલનાકા પાસે બાઈક સ્લીપ થતાં ઘવાયેલા જામનગરના કોલેજીયન કોળી યુવકનું રાજકોટ સારવારમાં મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ, જામનગરના સુભાસપાર્કમાં રહેતો અંકિત રમેશભાઇ રાઠોડ (ઉ.વ.૧૯) ગઈ તા.૧૦ ના પોતાની બાઈક લઈ રાજકોટ તરફ આવી રહ્યો હતો ત્યારે ફફા નજીક આવેલ સોચલ ટોલનાકા પાસે બાઈક સ્લીપ થતાં યુવકને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ સ્થળે એકઠાં થયેલ લોકોએ ગંભીર ઘવાયેલા યુવકને ૧૦૮ મારફતે સારવારમાં પ્રથમ ધ્રોલ અને બાદમાં જામનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની તબિયત લથડતાં વધું સારવાર અર્થે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ધ્રોલ પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રધ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક
–:શ્રધ્ધાંજલિની જાહેર ખબર:–
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦૩.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

રાજકોટના પોપટપરા ગરનાળા પાસેથી બે બાળકીનું અપહરણ થયાની વાત વહેતી થતાં પોલીસ દોડતી થઈ

૯ વર્ષની બાળકીએ અપહરણનો ફિલ્મી પ્લાન ઘડ્યો!:એક બાળકી મળી ને ભાંડો ફુટયો

રાજકોટ.તા.૧૫

રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા પોપટપરાના ગરનાળા નજીક સેન્ટ્રલ જેલ પાસે આજે સવારના એક ૯ વર્ષની બાળકી સહિત બે બાળકીનું અપહરણ થયાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ત્યારે ૨ ડીસીપી, ૪ પીઆઇ સહિત ૭૦થી વધુ પોલીસની ટિમો દોડતી થઇ હતી અને તપાસ હાથ ધરી હતી. જોકે આ પૈકી એક બાળકીને અપહરણ કરતા એને છોડી મૂકી હોવાની જાણ કરતા પોલીસે બાળકીની ઊંડાણ પૂર્વક પુછપરછ કરી તપાસ હાથ ધરી હતી. બાળકીને ટ્યુશનમાં ભણવા માટે જવું ગમતું ન હોવાથી સામે પડેલી ઠાર ગાડીના ચાલકે અપહરણ કર્યાની સ્ટોરી ઘડી હતી. જો કે આ પછી અપહરણની કોઈ ઘટના ન બની હોવાનું માલુમ થતા બે કલાકના અંતે પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. રાજકોટ શહેર ઝોન-૨ના ડીસીપી સુધીરકુમાર દેસાઈએ જણાવ્યું હતું કે, આજે સવારના ૧૦ વાગ્યાની આસપાસ પોલીસને જાણ કરવામાં આવી હતી કે પોપટપરા ગરનાળા નજીક સેન્ટ્રલ જેલ પાસેથી બે બાળકીના અપહરણની ઘટના બની છે. જે પૈકી એક બાળકીને આગળ ઉતારી મુકતા પોલીસે બાળકીને તેમજ તેમના માતા-પિતાની પુછપરછ હાથ ધરી હતી. આ ઉપરાંત પોલીસ દ્વારા અલગ-અલગ જગ્યાના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવ્યા હતા.

અપહરણની ઘટના અંગે ઊંડાણ પૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જે બાળકી ઉતરી ગઈ હતી અને અન્ય બાળકી કારમાં હોવાનું કહેતા પોલીસ તપાસ કરી રહી હતી. સમગ્ર શહેરમાં અલગ-અલગ વિસ્તારમાં નાકાબંધી કરી પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જોકે આ પછી બાળકીની ઊંડાણ પૂર્વક તપાસ કરતા તેને જણાવ્યું હતું કે, બાળકીને ટ્યુશનમાં અભ્યાસ કરવા જવું ગમતું ન હોવાથી અપહરણનો પ્લાન ઘડ્યો હતો. આ પછી તેના માતા-પિતાની પણ પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, બાળકીને અવારનવાર ટ્યુશનમાં જવું ન હોય તેવી જીદ કરતી હોય છે, પરંતુ તેમની માતા આ બાબતે ઠપકો આપતી હોવાથી ડરીને આજે અપહરણનો પ્લાન ઘડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આટલી નાની ઉંમરની બાળકી આવી ફિલ્મી ઘટના જેવો અપહરણનો પ્લાન પણ ઘડી શકે તેવું કોઈ વિચારી પણ શકતું ન હતું. એટલા જ માટે બાળકીના અપહરણની ઘટનાની ગંભીરતા સમજી રાજકોટ શહેર પોલીસના બે ડીસીપી કક્ષાના અધિકારી તેમજ **ACP** કક્ષાના અધિકારી **PI, PSI** સહિત ૭૦ જેટલા પોલીસ સવારના ૧૦.૩૦ વાગ્યાથી ૧૨.૩૦ વાગ્યા સુધી દોડતી થઇ હતી. અંતે અપહરણની ઘટના ન બની હોવાનું માલુમ થતા પોલીસે પણ રાહતનો શ્વાસ લીધો હતો.

માર્કેટયાર્ડ કાયદામાં અનેક મહત્વના સુધારા:

ખેતપેદાશોના આંતરરાજય વેપારનો માર્ગ મોકળો

ઈ-નામ પ્લેટફોર્મ મારફત સવલત: ચૂંટણી-મતદાર સંબંધી નિયમોમાં પણ ફેરફાર

ગાંધીનગર,તા.૧૫: રાજય વિધાનસભા ગૃહમાં ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ-વેચાણ અધિનિયમ-૧૯૬૩ સુધારા વિધેયક ચર્ચાને પસાર કરાયું હતું. આ વિધેયકમાં કલમ-૮(૨)ની એક નવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે. જે મુજબ, કાયદામાં ગમે તે મજકુર હોય તેમ છતાં ઈ-નામ પ્લેટફોર્મ પર આંતર રાજય વેપાર વધે તે માટે પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ હેઠળ અન્ય રાજય-કેન્દ્ર શાસીત પ્રદેશો સાથે કરાર કરે, તે કરારની શરતોને આધીન ઈ-નામ પ્લેટફોર્મ પર ખેતપેદાશોની ખરીદી કરી શકશે.

આ વિધેયક પરની ચર્ચાને અંતે તેના જવાબમાં સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આ વિધેયક પસાર થવાથી ગુજરાતના વેપારીઓ અન્ય રાજયમાંથી ઈ-નામ પ્લેટફોર્મ પર ખેતપેદાશો કરી શકશે. ઓનલાઈન સોદા થવાની હરીફાઈ વધશે. જેને લીધે ખેડૂતોને વધુમાં વધુ ભાવ પ્રાપ્ત થશે. આ ઉપરાંત ઓનલાઈન ટ્રાન્ઝેકશન વધશે અને કરચોરી પણ અટકશે.

ખાનગી યાર્ડના માલિકના કુટુંબી ચૂંટણી લડી નહીં શકે

આ વિધેયકથી કલમ-૧૧(૧એ) નવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે. જેમાં ખાનગી માર્કેટયાર્ડના માલિક-બોર્ડ ઓફ ડિરેકટર અને તેઓના કુટુંબના સભ્યો બજાર સમીતીઓની ચુંટણી લડી શકશે નહીં. આ નવી જોગવાઈથી બજાર સમીતીની અર્થક્ષમતાને નુકશાન થતું અટકશે.

નોંધાયેલી વ્યકિત એક જ વિભાગમાં એક જ મત આપી શકશે

એક વ્યકિત એક જ મત આપી શકે તે હેતુથી દાખલ કરવામાં આવેલી કલમ-૧૧(બી)(૨)માં નવી જોગવાઈ એવી છે કે, કોઈપણ વ્યકિત ચુંટણીની મતદાર યાદીમાં ગમે તે વિભાગમાં મતદાર તરીકે નોંધાયેલી હોય તેવી વ્યકિત વ્યકિતગત હેસીયતથી કે મંડળીના પ્રતિનિધિ તરીકે કે વેપારી તરીકે બજાર સમીતીની ચુંટણીમાં તમામ વિભાગો પૈકી કોઈપણ એક જ વિભાગમાં એક જ મત આપી શકશે.

૫ લાખનો વ્યવસાય કર્યો હશે તેનું જ નામ મતદાર યાદીમાં આવશે

કલમ-૧૧(૧)(૩)માં એવો સુધારો કરવામાં આવ્યો છે કે, જેમાં ચૂંટણીના આગળના ત્રણ નાણાકીય વર્ષમાં પ્રત્યેક નાણાંકીય વર્ષમાં સતત ઓછામાં ઓછા પોતાના ૧/૩ સભાસદો પાસેથી ઉદેશો અનુસાર કૃષિ ઉત્પન્ન ખરીદ કરી તેનું વેચાણ બજાર સમીતીના યાર્ડમાં કર્યુ હોય અને ચુંટણીના આગળના ત્રણ નાણાકીય વર્ષમાં પ્રત્યેક નાણાકીય વર્ષમા સતત ઓછામાં ઓછા રૂપિયા ૫ લાખનો વ્યવસાય બજાર સમીતીના યાર્ડમાં કર્યો હોય તે જરૂરી છે. આ સુધારાથી જે મંડળીઓ ઉદેશો પ્રમાણે કામ કરતી હશે, તે જ મતદાર યાદીમાં આવશે.

મેઘરાજાએ મોઢુ ફેરવી લેતા ચિંતાના વાદળો

કપાસ, મગફળી, સોયાબીનના પાકને તાત્કાલિક વરસાદની જરૂર : ખેડૂતો ચિંતિત : હવે વરસાદ ન પડે તો ખરીફ પાકની ઉપજ ઓછી આવે અને ઘઉં, ચણા જેવા શિયાળુ પાક માટે પાણીની સમસ્યા સર્જાય શકે

રાજકોટ તા. ૧૫ :

ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં દોઢ મહિનાથી વધુ સમયથી મેઘરાજાએ મોઢું ફેરવી લેતા ખેતી માટે ચિંતાજનક પરિસ્થિતિ ઉભી થઇ છે. આખા ઓગષ્ટમાં નહિવત વરસાદ થયો છે. વરસાદના અભાવે ખેતી માટે સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે. હવે તાત્કાલિક વરસાદ ન થાય તો સોળ આની વર્ષ થવા સામે પ્રશ્નાર્થ સજાર્શે. ઘઉં, ચણા જેવા શિયાળુ પાક માટે પણ પ્રશ્નાર્થ સર્જાશે. ખેડૂતો કાગડોળે વરસાદની રાહ જોઇ રહ્યા છે. ખેતી સાથે સંકળાયેલા વર્તુળોના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્રમાં ચોમાસામાં મગફળી અને કપાસ મુખ્ય પાક છે. સોયાબીન જેવા પાકનું વાવેતર પણ નોંધપાત્ર પ્રમાણમાં થાય છે.

જુન-જુલાઈના સારા વરસાદથી ખેડૂતોએ સારી આશા સાથે વાવણી કરેલ. ઓગસ્ટમાં વરસાદની જરૂર હતી પણ વરસાદ ન પડતા ચિંતાના વાદળો ઘેરાવા લાગેલ. તે આજે સપ્ટેમ્બર મધ્ય સુધીમાં ઘટાટોપ થઇ ગયા છે. અત્યારે ખરીફ પાક માટે વરસાદની બહુ જરૂરીયાત છે. જો બે-ચાર દિવસમાં વરસાદ ન થાય તો ખરીફ પાકની ઉપજનું પ્રમાણ ઘટી જવાની ભીતિ છે. જે વિસ્તારોમાં સિંચાઈની સુવિધા છે ત્યાં ખેડૂતો હજુ ખેતરમાં પાણી પીવડાવી રહ્યા છે. વરસાદ ખેંચાતા તળના પાણી ઝડપથી ઘટવા લાગ્યા છે. ચોમાસામાં પાછોતરો સારો વરસાદ થાય તો તે પાણી શિયાળુ પાકમાં ઉપયોગી થઇ શકે. જો હવે ગણતરીના દિવસોમાં પૂરતો વરસાદ નહિ થાય તો શિયાળુ પાક માટે પણ પાણીની સમસ્યા સર્જાવાની ચિંતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૧૧ સપ્ટેમ્બર સુધીમાં ૯૮.૭૧ ટકા વાવણી થઇ છે. કપાસનું સૌથી વધુ ૧૧૩.૪૯ ટકા અને મગફળીનું ૮૬.૩૦ ટકા વાવેતર થયું છે. મગફળી નવરાત્રી આસપાસ બજારમાં આવવા લાગશે. કપાસ દિવાળી પછી બજારમાં આવશે.

ગુજરાતે બે વર્ષમાં ૪ ખાનગી કંપનીઓ પાસેથી મોંઘા ભાવે રૂ.૪૪૨૦ કરોડની વીજ ખરીદી

એક સમયે વીજ ઉત્પાદનમાં સરપ્લસ: સૌથી વધુ ભાવ અદાણી પાવર મુંદ્રા લિમિટેડને યુનિટદીઠ રૂ.૮.૦૩ અપાયા

અમદાવાદ તા.૧૫

એક સમયે વીજ ઉત્પાદનમાં સરપ્લસ ગણાતા ગુજરાતના ઉર્જા વિભાગે છેલ્લા બે વર્ષમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી મોંઘા ભાવે રૂા.૪૪૨૦ કરોડની વીજળી ખરીદી છે. રાજયનું વીજ મોડેલ આખા દેશમાં વખણાતું હતું.

જો કે છેલ્લા કેટલાક સમયથી સરકારી વીજ મથકોના ઉત્પાદનમાં ભારે ઘટાડો થતાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી મોંઘા ભાવની વીજળી ખરીદવી પડી રહી છે, જેનું કરોડો રૂપિયાનું ભારણ છેવટે નાગરિકો ઉપર પડી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં ફકત ૪ ખાનગી કંપની પાસેથી જ લાંબા ગાળાના કરાર પેટે ૪૪૨૦ કરોડ રૂપિયાની વિજળી ઉર્જા વિભાગે ખરીદી હોવાની માહિતી વિધાનસભામાં અપાઈ છે. તેમાં સૌથી વધુ ભાવ અદાણી પાવર મુંદ્રા લિમિટેડને યુનિટ દીઠ ૮.૦૩ રૂપિયાનો આપવામાં આવ્યો છે.

ઉર્જા વિભાગની ઉત્તરોત્તર કથળી રહેલી કામગીરીની વિગતો વિધાનસભામાં અતારાંકિત પ્રશ્નોતરીમાં અપાયેલી માહિતીમાં બહાર આવી છે. આપના ઉમેશ મકવાણા દ્વારા જુલાઈ-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઉર્જા વીજ નિગમ લીમીટેડ દ્વારા ખાનગી કંપનીઓ પાસેથી કેટલા રૂપિયાની વીજ ખરીદી કરાઈ તેની વિગતો મંગાઈ હતી. જેના લેખિત જવાબમાં ઉર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, ઓગષ્ટ ૨૦૨૧થી જુલાઈ ૨૦૨૨ સુધી ત્રણ કંપની પાસેથી કુલ ૧૭૭૯ કરોડની ફિકસ ચાર્જ તરીકે વીજ ખરીદી કરાઈ હતી. આ સમયગાળામાં અદાણી પાવરને ચારેય કંપનીમાં સૌથી ઉંચો યુનિટ દીઠ ૬.૦૫ રૂપિયાનો એનર્જી ચાર્જ ચુકવાયો હતો. તેની સામે એસીબી ઈન્ડીયાને રૂા.૦.૬૬ અને કોસ્ટલ ગુજરાત પાવરને રૂા.૪.૪૫નો યુનિટ દીઠ એનર્જી ચાર્જ ચુકવાયો હતો. ત્રણેય કંપનીના ભાવમાં ભારે તફાવત જોવા મળ્યો હતો. તે પછી ઓગષ્ટ ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૩ સુધીમાં એસ્સાર પાવર સહિત ચાર કંપની પાસેથી એક વર્ષમાં કુલ ૨૬૨૧ કરોડની (પ્રોવિઝનલ) ફિકસ ચાર્જ તરીકે વીજ ખરીદી થઈ હતી.

લાંબા સમયની પ્રતીક્ષાનો અંત: માધાપર બ્રિજ ૨૫મી પછી ખુલ્લો મુકાશે

રાજકોટવાસીઓની લાંબા સમયની પ્રતીક્ષાનો હવે ટૂંક સમયમાં આવશે અંત: ૫૦ હજારથી વધુ વાહનચાલકોને ટ્રાફિક સમસ્યામાંથી ટૂંક સમયમાં મળશે કાયમી મુક્તિ

રાજકોટ.તા.૧૫

રાજકોટથી અમદાવાદ અને જામનગર જવા માટે મહત્ત્વના માધાપર ઓવરબ્રિજની કામગીરી હવે વાસ્તવિકતામાં પૂર્ણતાના આરે પહોંચી છે અને આગામી તા.૨૫મી બાદ તેનું લોકાર્પણ કરી શકાશે તેમ સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળે છે. ઓવરબ્રિજનું કામ પૂર્ણ થયા બાદ વહીવટી તંત્ર દ્વારા તેનું લોકાર્પણ કોના હસ્તે કરાવવું તેનો નિર્ણય લેવાશે તેમ જાણવા મળે છે. આ ઓવરબ્રિજ ખુલ્લો મુકાયા બાદ ૫૦ હજારથી વધુ વાહનચાલકોને ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે.

માર્ગ અને મકાન વિભાગ રાજકોટના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર માધાપર ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે અને શનિવારે સવારથી ૪૦૦થી ૪૫૦ મીટરના એપ્રોચ રોડ પર ડામરનું કામ શરૂ કરી દેવાશે. આ કામ અઢીથી ત્રણ દિવસમાં પૂર્ણ કરી લેવાશે.

ત્યારબાદ બેથી ત્રણ દિવસ ડામર સુકાવવા દીધા બાદ તેના પર થર્મો પ્લાસ્ટના સફેદ પટ્ટા, રેડિયમ અને સાઇન બોર્ડ લગાવવાની કામગીરી એક દિવસમાં પૂર્ણ કરી લેવાશે. આમ તમામ કામગીરી મોડામાં મોડી તા.૨૫મી સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ થઇ જશે અને ત્યારબાદ ગમે ત્યારે ઓવરબ્રિજ ખુલ્લો મૂકી શકાશે. એજન્સીની કામની મુદત ગત એપ્રિલ માસમાં પૂર્ણ થઇ ગઇ છે ત્યારે એજન્સીએ ફરી મુદત વધારો માગ્યો છે.રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગાંધી સોસાયટીની જમીન સંપાદન માટેની કાર્યવાહી હાલ ચાલી રહી છે અને તેમની જમીન સંપાદનની ફાઇલ મંજૂરી અર્થે ગાંધીનગર ખાતે મોકલાઇ છે ત્યારે બીજીબાજુ સોસાયટીએ પતરાં મારી દઇ સર્વિસ રોડ બંધ કરી દેતા વાહનચાલકોને ફરીને ચાલવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. જમીન સંપાદનની કામગીરી ચાલુ છે અને રસ્તો એ કોઇની માલિકીનો ન ગણી શકાય તેવી જોગવાઇ હોવા છતાં રસ્તો બંધ કરાતા આગામી દિવસોમાં વિવાદ થવાના એંધાણ મળી રહ્યાં છે.

દિવાળી પહેલા અન્ડર પાસની કામગીરી શરૂ થઇ જશે. માર્ગ અને મકાન વિભાગના સૂત્રોએ જણાવ્યા અનુસાર ઓવરબ્રિજનું લોકાર્પણ થઇ ગયા બાદ વહેલામાં વહેલી તકે અન્ડર પાસનું કામ ચાલુ કરી દેવાનું આયોજન છે. જેના માટે આરએમસી અને અન્ય એજન્સીઓ સાથે નળ કનેકશન, ગેસ કનેકશન, બીઆરટીએસ સહિતના મુદ્દે હાલમાં વાટાઘાટ ચાલી રહી છે અને અમારી ગણતરી વહેલામાં વહેલી તકે અન્ડર પાસની કામગીરી શરૂ કરી દેવાની છે. સંભવતઃ નવરાત્રીથી દિવાળી વચ્ચેના ગાળામાં અન્ડર પાસની કામગીરી શરૂ થઇ જશે.

ગુજરાતમાં રાજકોટ સહિત ચાર GST એપેલેટ ટ્રીબ્યુનલ

વ્યાપાર-ઉદ્યોગ વર્ગને મોટી રાહત : જીએસટી વિવાદના કેસો હાઈકોર્ટના બદલે ટ્રીબ્યુનલમાં જશે

રાજકોટ.તા.૧૫

દેશમાં ૨૦૧૭થી લાગુ કરાયેલી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ સીસ્ટમ (જીએસટી)માં હવે ૩૧ રાજ્યોમાં એપેલેટ ટ્રીબ્યુનલ મંજુર કરવામાં આવી છે. જેમાં ગુજરાતમાં રાજકોટ સહિત ચાર સ્થાનો પર આ ટ્રીબ્યુનલ કામકાજ કરશે. લાંબા સમયથી આ એપેલેટ ટ્રીબ્યુનલની માંગ હતી. જીએસટીમાં જે વિવાદ સર્જાય તે નિર્ણય માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જતા હતા જેના કારણે અત્યંત વિલંબ સર્જાતો હતો. હવે આ એપેલેટ ટ્રીબ્યુનલ ખાસ જીએસટી વિવાદો માટે જ નિયુક્ત થઈ હોવાથી તે વિચારોના ઉકેલમાં ઝડપ આવશે. ગુજરાતમાં અમદાવાદ-સુરત-રાજકોટ ઉપરાંત કેન્દ્ર શાસીત પ્રદેશ દાદરાનગર હવેલી, દિવ-દમણની એક બેન્ચની ટ્રીબ્યુનલ હશે.

કેટલાક નાના રાજયોમાં સરકાર બેન્ચ આપવામાં આવી છે. ગત માર્ચ માસમાં કેન્દ્ર સરકારે સંસદમાં આ પ્રકારે એપેલેટ ટ્રીબ્યુનલની રચનાને મંજુરી આપવામાં આવી હતી અને તેમાં હવે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિઓ તથા અન્ય નિષ્ણાંતોની નિયુક્તિ થશે તથા તેનું કામકાજ આગામી બે માસમાં પ્રારંભ થઈ જશે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.